


❀ વર્ષ ૩૭ ❀ ડીસેમ્બર ૧૯૮૦ ❀ અંક ૬ ❀

# શુદ્ધાત્માને વિષે ભેદ ?

ત્રિકાળી એકરૂપ અભેદ શુદ્ધાત્માને વિષે બહિરાત્મા અને અંતરાત્મા એવા બે ભેદનો વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે. વસ્તુ એકરૂપ અખંડ પરમાત્મસ્વરૂપ છે તેમાં બહિરાત્મા ને અંતરાત્માનો વિકલ્પ કરે છે તેને કુબુદ્ધિ કહે છે. ધર્મધ્યાન અને શુકલધ્યાનરૂપે પરિણમે છે તે અંતરાઆત્મા છે અને એ બે ધ્યાન વિનાનો છે તે બહિરાત્મા છે એમ પર્યાયનું જ્ઞાન કરાવ્યું પણ ત્રિકાળી શુદ્ધાત્મ વસ્તુ જે એકરૂપ પરમાનંદની મૂર્તિ વીતરાગ સ્વરૂપ છે તેમાં અંતરાત્મા અને બહિરાત્માના ભેદ પાડીને વિકલ્પ કરે છે તે કુબુદ્ધિ છે. રાગ કરે અને રાગ મારો છે એમ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે જ પણ એકરૂપ શુદ્ધાત્મસ્વરૂપ વસ્તુ છે તેમાં બહિરાત્મા અને અંતરાત્માના ભેદ પાડે છે તે કુબુદ્ધિ છે. નિયમસાર ગાથા ૧૫૦ માં કહ્યું કે અંતર-બાહ્ય જલ્પમાં વર્તે છે તે બહિરાત્મા છે. અહીં કહ્યું કે સમરસભાવસ્વરૂપ એકરૂપ વસ્તુ છે તેમાં ભેદ પાડે છે તેને કુબુદ્ધિ કહે છે. બીજા વિકલ્પો તો એક બાજુ રહ્યા પણ અહીં તો કહે છે કે એકરૂપ વસ્તુ છે તેમાં બે ભેદ પાડીને એ વિકલ્પમાં ઉભો છે તેને નિર્વિકલ્પતા થતી નથી તેથી તેને કુબુદ્ધિ કહે છે. સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ સુબુદ્ધિને હોતો નથી, કુબુદ્ધિને હોય છે. પ્રભુ! તારી મહત્તાનું શું કહેવું ? તું જ્ઞાનાનંદ આદિ અનંત ગુણોનો સાગર એકરૂપ છે. એમાં બે ભેદ પાડવાથી તને દુઃખ થશે. ભગવાન આનંદનો નાથ એકરૂપ રહે એવું પરમાત્માનું સ્વરૂપ છે તેમાં બહિરાત્મા ને અંતરાત્માના બે ભેદ પાડીશ તો તને દુઃખ થશે. આ છેલ્લામાં છેલ્લી ટોચની વાત છે. બીજા વિકલ્પોમાં ઉભો છે એ તો સ્થૂળ છે પણ અહીં તો એકરૂપ શુદ્ધાત્મસ્વરૂપ છે તેમાં બહિરાત્મા ને અંતરાત્માના બે ભેદ પાડવા એ સંસારમાં રખડવા માટે છે. આગળ કહ્યું હતું કે શુદ્ધાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી અને જેમાં પ્રથમથી જ શુદ્ધતા છે તેમાં હું ક્યાં નયથી ભેદ પાડું ?—એમ અહીં કહે છે કે શુદ્ધાત્માને વિષે બહિરાત્મા ને અંતરાત્માનો વિકલ્પ કુબુદ્ધિને હોય છે સુબુદ્ધિને હોતો નથી. આહાહા! ગજબ વાત કરી છે. મુનિઓએ જંગલમાં બેઠા કામ કર્યા છે ને! સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ હોય, રાગમાં ઉભો હોય, રાજા–મહારાજા હોય છતાં એની દૃષ્ટિ એકરૂપ પરમાત્મામાં પડી છે તેથી તે સુબુદ્ધિ છે કેમ કે તે એકરૂપ વસ્તુ પરમાત્મસ્વરૂપ છે તેમાં બે ભેદ પાડતો નથી તેથી તે સુબુદ્ધિ છે. એકરૂપ શુદ્ધાત્માને વિષે બહિરાત્મા અંતરાત્મા એવા બે ભેદ પાડે છે તે કુબુદ્ધિ છે. પછી ભલે તે રાજપાટ છોડી પંચમહાવ્રતાદિ પાળતો હોય છતાં પણ તે સુબુદ્ધિ નથી. ગૃહસ્થાશ્રમમાં રાગ હોય છે પણ તેની દૃષ્ટિ એકરૂપ

[ અનુસંધાન પાનું નં. ૨૭ ]

વાર્ષિક
લવાજમ
નવ રૂપિયા
વર્ષ ૩૭
અંક ૬
[ ૪૪૬ ]




વીર
સંવત
૨૫૦૭
A.D. 1980
DEC.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# * પરમાગમ–પ્રસાદ *

હે જિનેન્દ્ર! તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે; 'ચરાચર (જંગમ તથા સ્થાવર) જગત પ્રતિક્ષણ (પ્રત્યેક સમયે) ઉત્પાદવ્યયધ્રૌવ્ય-લક્ષણવાળું છે' એવું તારું વચન (તારી) સર્વજ્ઞતાનું ચિહ્ન છે.

—આચાર્યવર શ્રી સમંતભદ્રસ્વામી

પ્રભુ! આપ એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય ત્રણને ત્રણલોક સંબંધી જાણો છો એ આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે. નાનામાં નાનો કાળ એક સમય અને તેમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય ત્રણ સ્વરૂપ એવા અનંતા પદાર્થો તેને આપ એક સમયમાં જાણો એ જ આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે. અનંતા પદાર્થોના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ ત્રણ ભાગ છે એવી આપની વાણી સર્વજ્ઞતાનું ચિહ્ન છે. એક સમયના બે ભાગ ન થાય પણ એક સમયમાં ત્રણ લોકના અનંત પદાર્થોના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ ત્રણ ભાગ તેને સર્વજ્ઞ એક સમયમાં જાણી લે. કાળ નાનો વસ્તુ મોટી! ને તે એક એક સમયમાં ત્રણ ત્રણ ભાગવાળી ને એવા અનંતા પદાર્થ તેને એક સમયમાં જાણી લ્યે અને એ સહિત ભૂતકાળના ને ભવિષ્યકાળના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપવાળા અનંતા પદાર્થો તેને સર્વજ્ઞ એક સમયમાં જાણી લ્યે આહાહા!

આહાહા! આવી યથાર્થ વસ્તુ જેને બેસે તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં. પ્રભુ! આપ સર્વજ્ઞ છો તેની અમને પ્રતીતિ થઈ ગઈ, કેમ કે એક સમયમાં ઉત્પાદ–વ્યય-ધ્રૌવ્યરૂપ અનંત પદાર્થો ને તેના ભૂત–ભવિષ્યના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય તેને એકીસાથે એક સમયમાં આપ જાણો છો, તેથી પ્રભુ આપ સર્વજ્ઞ છો એ વાત અમને પ્રતીતમાં આવી ગઈ. એક સમયમાં ત્રણ કાળને આપ જાણો છો એ વાતથી આપની સર્વજ્ઞતાની પ્રભુ! અમને પ્રતીતિ થઈ ગઈ.

એક સમયના ભાગ વિના આવું જાણે. આહાહા! એનો વિશ્વાસ ને મહિમા અલૌકિક છે. શ્રી સમંતભદ્રસ્વામીએ શ્રી મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ કરતાં આમ કહ્યું. પ્રભુ! એક સમયના ભાગ નહીં ને અનંતા પદાર્થોમાં ઉપાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ ત્રણ ભાગ તે સર્વને આપ એક સમયમાં જાણી લ્યો છો તો એ સર્વજ્ઞ વિના હોઈ શકે નહીં. પ્રભુ! આપ સર્વજ્ઞ છો એ વાત અમને પ્રતીતમાં આવી ગઈ. પ્રભુ! આપનું આ વચન કે એક સમયનો ભાગ નહીં ને ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ ત્રણ ભાગ પ્રતિ સમયે અનંત પદાર્થોના છે—એ આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે.

એક દ્રવ્યમાં પ્રતિ સમયે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય ને ત્રણ લોકના અનંતા પદાર્થોમાં એવા ત્રણ ભાગ ને એવા ત્રણ લોકના અનંતા પદાર્થોમાં ત્રણ કાળ સંબંધી ત્રણ ત્રણ ભાગ એ સર્વને કાળના ભાગ વિના એક સમયમાત્રમાં પ્રભુ આપ જાણી લ્યો છો એ જ આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે. આહાહા! આવી વાત દિગંબર સંતો સિવાય બીજે ક્યાંય નથી. એક શબ્દમાં કેટલું બધું ભર્યું છે! આહાહા! મુનિઓએ તો અમૃત વરસાવ્યા છે. થોડા શબ્દોમાં ગજબ ભાવ ભરી દીધા છે.

*  *  *

એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી મોટી નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને (તત્ત્વવેદી) અંદર અને બહાર સમતારસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે. એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (–સ્વરૂપને) પામે છે.

—શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ

અલ્પતા ને વિકલ્પતાનો આત્મામાં અવકાશ નથી. આત્મા તો પૂરણ ને નિર્વિકલ્પ છે, પરંતુ આપોઆપ વિકલ્પ ઊઠે છે એટલે કે તે સ્વભાવમાં નથી, વસ્તુમાં નથી પણ પર્યાયમાં આપોઆપ ઊઠે છે. અખંડ પૂરણ મૂર્તિ પ્રભુમાં રાગનો અવકાશ કેવો? પર્યાયમાં આપોઆપ વિકલ્પ ઊઠે છે. વસ્તુ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છે, એમ હોવા છતાં કર્મની અપેક્ષા વિના

પર્યાયમાં વિકલ્પો આપોઆપ ઊઠે છે. પ્રભુ તો આનંદની મૂર્તિ છે તેથી તેનાથી વિકલ્પ ઊઠતો નથી ને પરથી પણ કાંઈ વિકલ્પો ઊઠતા નથી. પર્યાયમાં આપોઆપ વિકલ્પોની જાળ ઊઠે છે.

અનાદિ અજ્ઞાનને લઈને પર્યાયમાં વિકલ્પની જાળ ઊઠે છે, તે દુઃખ છે, આકુળતા છે, અજ્ઞાનીને દુઃખ લાગતું નથી કેમ કે તેને અતીન્દ્રિય આનંદની ખબર નથી. અહીં તો કહે છે કે હું શુદ્ધ છું, બુદ્ધ છું આદિ મોટી નયપક્ષકક્ષાને સૂક્ષ્મ વિકલ્પોને ધર્મી ઓળંગી જાય છે, દુઃખની જાળને છોડી દે છે. સ્ત્રી–પુત્ર–પરિવાર–મકાન–હાલવું–ચાલવું એ તો બાહ્ય છે પણ પર્યાયમાં નયપક્ષકક્ષાને ધર્મી ઓળંગી જાય છે. આનંદને અનુભવનાર દુઃખને ઓળંગી જાય છે. નયપક્ષના વિકલ્પો છે, પણ ચૈતન્યભૂમિમાં તે છે નહીં તેથી તેને ઓળંગી જાય છે.

હાલવું–ચાલવું–છોડવું એના વિકલ્પો તો નહીં પણ પોતાની ચૈતન્યભૂમિને જાણતાં નયપક્ષના અંદરના વિકલ્પોની જાળને તત્ત્વવેદી ઓળંગી જાય છે, અંદર અને બહાર સમતા-સ્વરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે, સમતા વીતરાગતા શાંતિ અકષાય એવો એક રસ જ જેનો સ્વભાવ છે એવો અનુભૂતિમાત્ર એક પોતાના સ્વભાવને જ તત્ત્વવેદી પામે છે. અંદરમાં નયપક્ષના જે વિકલ્પો ઊઠે છે તેને આનંદના વેદનમાં તત્ત્વવેદી ઓળંગી જાય છે. કેમ કે તેને આનંદનો એક રસ જ છે.

બાહ્ય વિકલ્પો તો ક્યાંય રહ્યા પણ અંદરમાં આત્મા સંબંધી સૂક્ષ્મ વિકલ્પો છે તેને ઓળંગી જાય ત્યારે અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને પામે છે. એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અનુભૂતિ, આનંદનો સ્વાદ, મોક્ષમાર્ગની પ્રથમ સીઢી છે.

* * *

## * સ્વવશ મુનિ જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે *

જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે (અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે). —શ્રી પદ્મપ્રભમલધારીદેવ

જે જીવ અન્યવશ છે એટલે કે ભગવાન આત્માને વશ નથી, અતીન્દ્રિય જ્ઞાનના સાગર પ્રભુને વશ નથી તે ભલે નગ્નવેશધારી હોય, પંચમહાવ્રતાદિ પાળતો હોય તોપણ સંસારી જ છે. કેમ કે રાગ છે તે જ સંસાર છે. તેથી મુક્તભાવનું અવલંબન મૂકીને

બંધભાવનું અવલંબન લ્યે છે તે ભલે જૈન મુનિ હોય પણ તે સંસારી જ છે. તે નિત્ય દુઃખનો ભોગવનાર છે. સંયોગો પ્રતિકૂળ છે એ કાંઈ દુઃખ નથી પણ તેના તરફનું વલણ થઈને સ્વભાવનું વલણ છોડે એ દુઃખ છે. આનંદના સાગરનું અવલંબન છોડીને પછી ભલે નગ્નવેશધારી મુનિ હોય તોપણ દુઃખને ભોગવનારો જ છે, સંસારી જ છે.

પંચમહાવ્રતાદિ પાળે પણ ચૈતન્યસ્વરૂપ ભગવાનને વેદતો નથી ને રાગને વેદે છે તે સંસારી છે. રાગ પોતે સંસાર છે તેથી રાગને વેદનારો સંસારી છે. એકકોર ભગવાન આત્મા અને એકકોર પુદ્ગલથી માંડીને આખો સંસાર, એમાં ભગવાન આત્માને છોડીને ક્યાંય પણ પ્રેમ રાખે તે સંસારી છે.

સ્વવશ છે તે સુખી છે ને રાગથી માંડીને જગતના કોઈ પણ ચીજને વશ છે તે પરવશ જીવ દુઃખી છે.

નિર્વિકલ્પને વશ છે તે સ્વવશ છે, વિકલ્પને વશ રાગને વશ છે તે પરવશ છે. જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે. જે કોઈ અતીન્દ્રિય આનંદ સ્વભાવની સન્મુખ થઈને સ્વવશ થયો છે તે જીવન્મુક્ત છે, અને તે જીવ વીતરાગથી કાંઈક જ ન્યૂન છે. જિનેશ્વર પરમેશ્વરથી સ્વવશ મુનિ કિંચિત્ ન્યૂન છે, અર્થાત્ સ્વવશ મુનિમાં જિનેશ્વર કરતાં જરાક જ ઊણપ છે.

* * *

> સર્વજ્ઞ–વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.
>
> —શ્રી પદ્મપ્રભમલધારીદેવ

આત્માના આશ્રયે જે સ્વવશ છે, જેને વિકલ્પ નથી તેમાં અને સર્વજ્ઞ વીતરાગમાં ક્યારેય ને ક્યાંય પણ ભેદ નથી. મુનિ એને કહીયે કે જે ચાર ભાવથી રહિત પરમ પંચમભાવોમાં પડ્યા છે, તે સ્વવશ છે, તેમાં ને સર્વજ્ઞમાં કાંઈ ભેદ નથી. તથાપિ અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ. સર્વજ્ઞપ્રભુ ને સ્વવશમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી. છતાં પણ અરેરે! અમે જડ છીએ–આહાહા! ભાવલિંગી સંત નિર્માનતાથી પોતાને જડ કહે છે કે અરેરે! અમે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.

મુનિ કહે છે કે અરેરે! અમે જડ છીએ કે સર્વજ્ઞમાં ને સ્વવશ યોગીમાં ભેદ પાડીએ છીએ. મુનિરાજની નિર્માનતા તો જુઓ! ત્રણ કષાયનો અભાવ છે ને લખવામાં એટલા વિકલ્પમાં આવ્યા ત્યારે કહે છે કે સ્વવશ યોગી ને સર્વજ્ઞમાં અમે ભેદ પાડીએ છીએ માટે જડ છીએ. આશય તો એમ છે કે અમને તો આ શાસ્ત્ર ટીકાનો વિકલ્પ આવ્યો

પણ જે સાતમે ગુણસ્થાને અંતરમાં પડ્યા છે, શાસ્ત્રટીકાદિનો વિકલ્પ પણ નથી તે સ્વવશ મુનિમાં ને સર્વજ્ઞમાં ભેદ નથી. શાસ્ત્રટીકાદિનો અમને વિકલ્પ આવ્યો, એ વિકલ્પ છે, તેથી અમે પણ જડ છીએ; એ વિકલ્પ આવ્યો કેમ ?—એમ કહીને કહે છે કે અમે જડ છીએ કે સ્વવશ યોગીમાં ને સર્વજ્ઞમાં ભેદ ગણીએ છીએ. * * *

# * ચૈતન્યચમત્કારનું સદા સ્મરણ કર *

ભવભયના કરનારા, બાહ્ય તેમ જ અભ્યંતર જલ્પને છોડીને, સમરસમય એક ચૈતન્યચમત્કારને સદા સ્મરીને, જ્ઞાનજ્યોતિ વડે જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે એવો અંતરાત્મા મોહ ક્ષીણ થતાં, કોઈ પરમતત્ત્વને અંદરમાં દેખે છે.

[ શ્રી નિયમસાર કળશ-૨૫૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

બાહ્ય ને અભ્યતંર જલ્પો તો ભવના કરનારા છે. વિકલ્પો તો ભવભયના કરનારા છે. નયપક્ષના વિકલ્પો છે તે પણ ભવભયના કરનારા છે. શુભભાવ તો ક્યાંય રહ્યો પણ આત્મા સંબંધી જે વિકલ્પો પર્યાયમાં ઊઠ્યા તે પણ દુઃખરૂપ છે. નયપક્ષનું ફળ પણ ભવભય કરનાર છે. તેને છોડીને જેમાં એકલો વીતરાગરસ જ ભર્યો છે, સમતારસ જ ભર્યો છે તે એક ચૈતન્ય ચમત્કારનું સદા સ્મરણ કર. ભગવાનનું સ્મરણ નહીં પણ એક ચૈતન્યચમત્કારનું સદા સ્મરણ કર. બીજાને યાદ કરે છે તેને ભૂલી જા, તું પોતે પરમાત્મા છો તેનું સદા સ્મરણ કર ને!

અરેરે! પોતાને છોડીને પરના વિકલ્પોનો પાર ન મળે! એકલું દુઃખ છે. અહીં તો કહે છે કે નયના પક્ષો પણ દુઃખ છે, ત્યાં શાંતિ નથી. સ્ત્રી–પુત્ર–પૈસા મારા એ તો બહુ સ્થૂળ પાપ છે પણ નયપક્ષના વિકલ્પ—હું જ્ઞાયક છું, શુદ્ધ છું એવો વિકલ્પ પણ દુઃખ છે. વસ્તુની સ્થિતિ જ આવી છે કે વિકલ્પજાળ છે તે દુઃખરૂપ છે પણ અરેરે! પામરતામાં અર્પાઈ ગયો તેને પરમાત્મામાં અર્પણતા ક્યાંથી આવે?

જેણે ચૈતન્ય ચમત્કારને સદા સ્મરીને જ્ઞાનજ્યોતિ વડે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે, એક ચૈતન્ય ચમત્કારને સદા સ્મરીને જેણે શાંતિ ને આનંદનો એક રસ એવું આત્માનું અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે એવો અંતરાત્મા મોહ ક્ષીણ થતાં કોઈ અદ્ભુત પરમતત્ત્વને અંદરમાં દેખે છે. બાહ્યમાં પૂજા–ભક્તિ આદિ ધમાલમાં કે વિકલ્પમાં પણ

[ અનુસંધાન પાનું ૧૩ ]

## * રાગાદિનું ઊપજવું તે જીવનો જ દોષ છે *

અનંત દ્રવ્યોનો પ્રત્યેક સમયે જે પર્યાય ઊપજે તે પોતાના સ્વભાવથી જ થાય છે. તેથી જીવને પરદ્રવ્ય–નિમિત્ત ક્રોધાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી. જેમ ઘડાનો કર્તા માટી પોતે છે, કુંભાર તેનો કર્તા બિલકુલ નથી તેમ રાગાદિક થવામાં એ દોષનો કર્તા જીવ પોતે છે, કર્મ કે નિમિત્ત જીવને રાગાદિ કરાવે છે તેમ બિલકુલ નથી. કોઈએ અપમાનના શબ્દો કહ્યા માટે જીવને ક્રોધ થયો એમ બિલકુલ નથી. કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના પારણામનો ઉત્પાદ કરવાની અયોગ્યતા છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું જ નથી તો પરનું કરે શું ? બધાંય દ્રવ્યો પોતાના સ્વપરિણામ પર્યાયે ઊપજે છે, પર નિમિત્તના લઈને કિંચિત્‌માત્ર પરિણામતા નથી. માટે રાગાદિકનું ઊપજવું તે કર્મના લઈને નથી પણ જીવનો પોતાનો જ દોષ છે.

[ શ્રી સમયસાર ગાથા ૩૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

રાગ દ્વેષ ચેતનના જ પરિણામ છે, અન્ય દ્રવ્ય રાગ દ્વેષ ઉપજાવી શકતું નથી. દરેક દ્રવ્ય દરેક સમયે તેના તે તે કાળના જે પર્યાય છે તેના વિનાનું હોય જ નહીં, ભલે તે વિકારી હોય કે અવિકારી, અને તે પર્યાય બીજા દ્રવ્યને લઈને થતી નથી. વિકાર પણ સ્વભાવથી ઊપજે છે, આડો–અવળો ન થાય, આગળ–પાછળ ઉત્પન્ન ન થાય, પરદ્રવ્યથી ન થાય પણ પોતાની પર્યાયના ષટ્‌કારકથી વિકાર ઉત્પન્ન થાય છે. તે કહે છેઃ—

કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨

વળી જીવને પરદ્રવ્ય રાગાદિ ઉપજાવે છે, ક્રોધ–માન–માયા–વાસના આદિ પરદ્રવ્ય ઉપજાવે છે એમ શંકા ન કરવી. પુરુષવેદનો ઉદય છે માટે વિષય–વાસના થાય છે એમ નથી. કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યની પર્યાયનો ઉત્પાદ કરવાની અયોગ્યતા છે.

એક દ્રવ્યમાં બીજા દ્રવ્યથી પર્યાય ઊપજે એવી એની યોગ્યતા નથી. કેમ કે સર્વ દ્રવ્યોને સ્વભાવથી જ ઉત્પાદ થાય છે એટલે કે અનંતા દ્રવ્યોનો દરેક સમયમાં પોત–પોતાથી પોતાની પર્યાયમાં ઉત્પાદ થાય છે.

વિકાર પણ પોતાના ભાવથી—પર્યાયના સ્વભાવથી ઉત્પન્ન થાય છે, કર્મના લઈને થતો નથી. અનંત દ્રવ્યોનો એક–એક સમયે જે પર્યાય ઉત્પન્ન થાય તે પોતાના સ્વભાવથી જ થાય છે. ગૃહીતમિથ્યાત્વ ઉત્પન્ન થાય તો તે પણ પોતાનો સ્વભાવ છે. પરદ્રવ્યથી વિકાર ઊપજે એવી અયોગ્યતા છે. કોઈ માર મારે ને દ્વેષ થાય તે મારનારને લઈને બિલકુલ નથી. કોઈ પ્રશંસા કરે ને આને માન ઊપજે તે પ્રશંસાને લઈને બિલકુલ નથી.

કર્મ આત્માને વિકાર ઉત્પન્ન કરાવે છે એવી શંકા નહીં કરવી. વિકાર પોતાના કારણે પરની અપેક્ષા વિના થાય છે. આઠ કર્મ, મન–વચન–કાયા ને પાંચ ઇન્દ્રિયના વિષયો જીવને રાગ–દ્વેષ કરાવે છે એમ નથી. આત્મા અજ્ઞાનભાવે ઊલટા પુરુષાર્થથી રાગ-દ્વેષ કરે છે.

અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યની પર્યાયનો ઉત્પાદ કરવાની અયોગ્યતા છે. ભગવાને છ દ્રવ્ય દેખ્યા છે, સંખ્યાએ અનંત છે, તે સર્વે દ્રવ્યોની સમયે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય છે તે તેના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. વિકાર થાય છે તે પણ તેના સ્વભાવથી ઉત્પન્ન થાય છે, કર્મના લઈને વિકાર થાય છે એમ નથી. તે વાત દૃષ્ટાંતથી સમજાવે છેઃ–

માટી ઘડારૂપે ઊપજે છે તે કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે? કુંભાર ઘડાને સ્પર્શ કરતો જ નથી. ઘડાની પર્યાય માટીના સ્વભાવથી પોતાને લઈને ઊપજે છે. અનંત દ્રવ્યો છે તે અનંતપણું રાખીને ટકે અને દરેક દ્રવ્ય પોતાની પર્યાય પોતાથી ઉત્પન્ન કરીને ટકે છે.

રોટલી સ્ત્રીથી કે તાવડીથી થતી નથી. કપડું વણકરથી થતું નથી. કેમ કે અન્ય દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્ય ઉપજાવે તેમ ત્રણ કાળમાં બનતું નથી એમ તીર્થંકર દેવની વાણી છે. કુંભાર ઘડાને, લીપિકાર લીપિને કે સ્ત્રી રોટલીને કરે નહીં; ડ્રાઈવર મોટર ચલાવી શકે નહીં, પેટ્રોલ વિના જ મોટર ચાલે છે. એક પદાર્થ બીજા પદાર્થોને મદદ કરે એમ છે જ નહીં. દરેક પર્યાય પોતાથી છે; બીજા પદાર્થથી બીજાની પર્યાય થાય એમ ત્રણકાળમાં નથી. હું ઘડો કરી શકું એ તો અહંકાર છે, એ અહંકાર મિથ્યાત્વ છે, હું પરનું કરી શકું એ અજ્ઞાન છે, એ જૈન નથી. એક તત્ત્વ બીજા તત્ત્વને સ્પર્શતું નથી.

જો કુંભારથી ઘડો થતો હોય તો ઘડો બનાવવાના અહંકાર યુક્ત પુરુષના શરીરના આકારે ઘડો થવો જોઈએ, પણ એમ તો થતું નથી. પ્રત્યેક પદાર્થની ક્રમબદ્ધ પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે તેને બીજો કહે કે હું કરી શકું–તે મિથ્યાદૃષ્ટિ છે. ઘડાની પર્યાય

જો કુંભારથી થતી હોય તો ઘડાનો આકાર કુંભારના શરીર આકારે ઊપજવો જોઈએ પણ એમ તો થતું નથી. માટીમાંથી ઘડો ઉપજ્યો ત્યારે કુંભાર વિદ્યમાન છે, નિમિત્ત છે, નિમિત્ત હોય ખરું પણ કર્તા નથી.

અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યની પર્યાયનો ઉત્પાદ દેખવામાં આવતો નથી. માટે માટી કુંભારના સ્વભાવે ઉપજતી નથી. માટીના સ્વભાવથી ઊપજે છે, કેમ કે પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. દરેક દ્રવ્યની પર્યાય પોતાના સ્વભાવથી ઊપજતી દેખવામાં આવે છે, અન્ય દ્રવ્યના સ્વભાવથી ઊપજતી દેખવામાં આવી નથી. આમ હોવાથી માટી પોતાના સ્વભાવને ઉલ્લંઘતી નહીં હોવાથી કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહીં. ચિત્રકાર ચિત્રને કરનાર છે જ નહીં, સ્ત્રી રોટલીને કરનાર છે જ નહીં. કેમ કે પ્રત્યેક પદાર્થ પોતાના સ્વભાવને ઉલ્લંઘતું નથી, તેથી જ્ઞાનની હીનાધિક અવસ્થા પોતાની યોગ્યતાથી થઈ છે, જ્ઞાનાવરણી કર્મને લઈને હીનાધિકતા છે જ નહીં. રંગથી કપડું રંગીન થયું જ નથી. રંગ કપડાને સ્પર્શતું જ નથી. સોની કંઠી બનાવનાર છે જ નહીં. અનંત દ્રવ્યોની પ્રત્યેકની પર્યાય પરની થતી ભગવાને દેખી જ નથી.

માટી પોતાના સ્વભાવને ઉલ્લંઘતી નહીં હોવાથી, માટી કુંભારના હાથને નહીં સ્પર્શતી થકી પોતાના સ્વભાવથી ઘડારૂપે ઊપજે છે. કુંભાર ઘડાનો ઉત્પાદક છે નહીં ને માટી કુંભારના સ્વભાવને સ્પર્શતી નથી. કુંભારને અહંકાર છે કે મેં ઘડાને બનાવ્યો પણ એ અહંકારને માટી સ્પર્શતી જ નથી. માટી પોતાના સ્વભાવથી ઘડાભાવે ઊપજે છે.

એવી રીતે એટલે કે ઉપર કુંભારનું જે દૃષ્ટાંત કહ્યું તેવી રીતે દરેક દ્રવ્ય સ્વપરિણામ-પર્યાયે ઊપજે છે. મુનિ થતાં કપડા છોડે છે તે કાર્યને આત્મા કરતો નથી. કપડાની પર્યાય પોતાથી નીચે ઉતરે છે, કપડા તેની પર્યાયની લાયકાતથી નીચે ઉતરે છે, હાથ પણ તેને સ્પર્શતો નથી ને આત્મા પણ તેનો કર્તા નથી.

જેમ કુંભારના સ્પર્શ વિના ઘડાની પર્યાય પોતાથી ઊપજે છે તેમ બધાય દ્રવ્યો પોતાના પરિણામભાવરૂપે ઊપજે છે. આત્મા પાણી પી શકે નહીં, આહાર લઈ શકે નહીં, કુવામાંથી પાણી બહાર કાઢી શકે નહીં. મકાન બન્યું તે પોતાની પર્યાયથી બન્યું છે, કડીયાએ બનાવ્યું નથી. આત્મા એક અક્ષર લખી શકતો નથી.

શરીર ઉપર હાથ ફેરવવો એ આત્માનું કાર્ય નથી. લીપિકાર લીપિ કરી શકતો નથી ને અક્ષરથી જ્ઞાન થતું નથી. કેમ કે અક્ષરને જ્ઞાન સ્પર્શતું નથી. ચશ્માને આત્મા સ્પર્શતો નથી. ચશ્મા નાક ઉપર રહ્યા નથી. પ્રત્યેક દ્રવ્યમાં કર્તા–કરણ આદિ શક્તિ છે. કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને સ્પર્શતું નથી તેથી પૈસાને લાવવા આદિનું કાર્ય આત્માનું નથી.

આત્મા જ્ઞાતાદૃષ્ટાનું કાર્ય કરે ને રાગાદિ ન કરે, પરનું કર્તૃત્વ ન કરે તો પોતાની કાર્યસિદ્ધિ થાય, સમ્યગ્દર્શન થાય ને પછી સ્થિરતા કરે ત્યારે ચારિત્ર થાય. કુંભારનું દૃષ્ટાંત કહીને બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે ઊપજે છે એમ કહ્યું. પોતાનો આત્મા જ્ઞાન-દર્શનથી ભર્યો છે તેથી પરની અપેક્ષા વિના પરના કારણ વિના પોતાને પોતામાં જાણે છે ને પરસંબંધી પોતાના જ્ઞાનને પોતામાં જાણે છે. પરને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. પરનો હું કર્તા નથી એમ નિર્ણય કરતાં પરની દૃષ્ટિ છોડીને દ્રવ્યની દૃષ્ટિ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. બધામાંથી કર્તાબુદ્ધિ છોડીને, રાગાદિની કર્તાબુદ્ધિ છોડીને પોતાના દ્રવ્યમાં દૃષ્ટિ લગાવે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

કર્મ બંધન થયું તે જીવના રાગ-દ્વેષના કારણે થયું એમ છે નહીં. મહાવ્રતના પરિણામ થાય તે આસ્રવ છે, આસ્રવનો કર્તા થાય તે મિથ્યાદૃષ્ટિ છે. આચાર્ય કહે છે કે અમે તને બતાવ્યું કે ઘડો પોતાના પરિણામભાવે ઊપજે, કુંભાર તેને સ્પર્શતો પણ નથી તેમ બધાય દ્રવ્યો પોતાના પરિણામભાવરૂપે ઊપજે છે; પરદ્રવ્ય તેનો કર્તા નથી. કરવતથી લાકડાના બે ટૂકડા થયા નથી, લાકડાની પોતાની યોગ્યતાથી બે ટૂકડા થવાના હતા તેથી થયા છે. કરવત લાકડાને સ્પર્શતું નથી. કોઈ દ્રવ્યની પર્યાય અન્ય કોઈ દ્રવ્યથી ઊપજતી નથી. આત્મા પુસ્તકને હાથમાં લઈ શકતો નથી. જે હોય છે તેને જાણે છે.

દરેક આત્મા ને દરેક પરમાણુ પોતાના પરિણામભાવરૂપે ઊપજે છે. નિમિત્તભૂત અન્યદ્રવ્ય હોય છે પણ તેનાથી પરિણામ ઊપજતા નથી. પાણી અગ્નિથી ઉષ્ણ થતું નથી. પાણી પોતાના પરિણામભાવથી ઉષ્ણરૂપે ઊપજે છે, અગ્નિથી નહીં. ત્રિલોકનાથનું આ ફરમાન છે અને તે ન્યાયયુક્ત છે. કેમ કે દરેક દ્રવ્ય પોતાના પરિણામ વિનાનું હોતું નથી તો એ પરિણામ બીજા દ્રવ્યથી કેમ થાય? દરેક દ્રવ્ય પોતાના પરિણામભાવરૂપે ઊપજે છે. જો નિમિત્તભૂત દ્રવ્યોના સ્વભાવથી ઊપજે તો નિમિત્તભૂત પરદ્રવ્યના આકારે તે પરિણામ થવા જોઈએ. પરંતુ એમ તો થતું નથી.

અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્ય વડે પરિણામ ઊપજતા નથી. સર્વ દ્રવ્યો પોતાના પરિણામભાવે ઊપજે છે—એ સિદ્ધાંત છે. પાણીથી ચોખા પાકતા નથી. પાણી ચોખાને સ્પર્શતું નથી. અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ અન્યદ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. તેથી સર્વદ્રવ્યો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં નથી, પરંતુ પોતાના સ્વભાવથી ઊપજે છે, પરથી ઊપજતા નથી. પાણી નાખે તો દાળ પાકે ને?–કે ના, દાળને પાકવાનો કાળ હતો માટે પાકે છે—ચડે છે, પાણીના લઈને દાળ ચડતી–પાકતી નથી.

[ અનુસંધાન પાનું ૧૩ ]

# હું તો સદા કૃતકૃત્ય છું

આત્મા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ છે. તે કાયમ રહીને પલટે છે. તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે. તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું' તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ. ૩૮૨.

**'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી**

આત્મા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ છે. તે ઉત્પાદને વ્યય–ધ્રૌવ્યની પણ અપેક્ષા નથી. આત્મામાં અજ્ઞાનની પર્યાયનો જે ઉત્પાદ થાય તેને પરની કે નિમિત્તની અપેક્ષા નથી. આત્મામાં ઉત્પાદનો જે જન્મક્ષણ છે તે ક્ષણે તે પર્યાયનો ઉત્પાદ થશે. તેને વ્યય કે ધ્રૌવ્યની પણ અપેક્ષા નથી. શુદ્ધ પર્યાયનો ઉત્પાદ થાય, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયનો ઉત્પાદ થાય તેને અનુકૂળ નિમિત્તની તો અપેક્ષા નથી પણ દ્રવ્ય ને ગુણની પણ અપેક્ષા નથી; વ્યય ને ધ્રૌવ્યની પણ અપેક્ષા નથી.

પૂર્વની પર્યાયનો વ્યય થાય તેને ઉત્પાદ–ધ્રૌવ્યની પણ અપેક્ષા નથી. કેમ કે તે સત્ છે, સત્‌ને પરની અપેક્ષા હોઈ શકે નહીં. ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય સ્વતંત્ર સત્ છે. દરેક દ્રવ્યમાં દરેક સમયે અનંત ગુણની પર્યાયનો ઉત્પાદ થાય તેને નિમિત્તની તો અપેક્ષા નથી પણ તેના ગુણો જે ધ્રૌવ્યસ્વરૂપ છે તેની પણ તે પર્યાયના ઉત્પાદને અપેક્ષા નથી, નિરપેક્ષ....નિરપેક્ષ....આહાહા !

ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ પ્રમાણનો આત્મા છે, પ્રમાણનો વિષય છે, પણ તે ઉત્પાદ-વ્યય–ધ્રૌવ્યને એકબીજાની અપેક્ષા નથી. એ આત્મા કાયમ રહીને પલટે છે. કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી. અનંત ગુણના ઓરડા ભરેલા છે. એક–એક ગુણમાં અનંતી પર્યાય હોવાથી અનંતી તાકાત છે છતાં એ પર્યાયને ગુણની અપેક્ષા નથી. તે અદ્ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ ઉપર દૃષ્ટિ દે, એ સિવાય જન્મ–મરણનો અંત નહીં આવે. પ્રભુ! બીજે ક્યાંય દૃષ્ટિ દેવાની જરૂર નથી. પર્યાય ઉપર પણ દૃષ્ટિ દેવાની જરૂર નથી. અદ્ભુત ઋદ્ધિયુક્ત સ્વરૂપ ઉપર દૃષ્ટિ દે. ત્યાં આનંદ ને શાંતિ છે ત્યાં દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું.' દૃષ્ટિ તો પર્યાય છે, એ પર્યાયની દૃષ્ટિ ધ્રુવ ઉપર દે. ધ્રુવ વસ્તુ છે તે તો કૃતકૃત્ય છે ને તેમાં ઠરતાં તું પર્યાયમાં કૃતકૃત્ય થઈ જઈશ. કૃતકૃત્ય વસ્તુ ઉપર દૃષ્ટિ દેતાં, તેમાં સ્થિર થતાં, પર્યાયમાં પૂર્ણાનંદની પ્રગટતા થઈ જશે, પર્યાયમાં કૃતકૃત્યતા થઈ જશે, પછી પર્યાયમાં કાંઈ કરવાનું બાકી નહીં રહે.

* * *

[ રાગાદિનું ઊપજવું તે જીવનો....... પાનું ૧૧ થી ચાલુ ]

દરેક દ્રવ્યના પરિણામ પોતાના સ્વભાવે ઊપજતાં દેખવામાં આવે છે. આમ હોવાથી સર્વ દ્રવ્ય પોતાના સ્વભાવને નહીં ઉલ્લંઘતા હોવાને લીધે, નિમિત્તભૂત અન્ય દ્રવ્યો પોતાના પરિણામના ઉત્પાદક છે જ નહીં. નિમિત્ત હો ભલે, પણ નિમિત્તથી કાંઈ થતું નથી. સર્વ દ્રવ્યો જ નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને સ્પર્શતા નથી. કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યને સ્પર્શતું નથી. અન્ય દ્રવ્યના સ્વભાવને નહીં સ્પર્શતા થકા પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે.

એક દ્રવ્ય અન્ય દ્રવ્યને સ્પર્શ નહીં કરતું થકું પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે એવી વસ્તુની મર્યાદા છે તે કારણે આચાર્યદેવ કહે છે કે જીવને રાગાદિ પરદ્રવ્ય કરાવે એમ અમે દેખતા નથી, માનતા નથી કે જેના ઉપર ક્રોધ કરીએ. તેં આવી ગાળ દીધી માટે મને ક્રોધ આવ્યો એમ છે નહીં, તો પર ઉપર ક્રોધ શું કરવો? પરદ્રવ્યના લઈને પોતાના રાગાદિ ઊપજતા નથી તો નિમિત્ત ઉપર શું દ્વેષ કરવો?

રાગ-દ્વેષ-હાસ્ય આદિ જીવના પરિણામ પરના કારણે છે જ નહીં. પરના લઈને તારા એ પરિણામ થાય એ માન્યતા મિથ્યા છે. નિમિત્તથી અન્ય દ્રવ્યમાં કિંચિત્ કાર્ય થતું નથી. તો નિમિત્ત પર ક્રોધ અમે શું કરીએ? પરથી રાગાદિ થતા નથી તો પર ઉપર ક્રોધ કેમ કરીએ? અન્ય દ્રવ્ય નિમિત્તમાત્ર છે, પરન્તુ વિદ્યમાન નિમિત્તે કાંઈ કર્યું જ નથી. કારણ કે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય ગુણપર્યાયે ઉપજાવતું નથી એ નિયમ છે. રાગાદિનું ઊપજવું તે જીવનો જ દોષ છે. * * *

[ ચૈતન્યચમત્કારનું સદા સ્મરણ........ ૭ થી ચાલુ ]

આનંદ નથી. આત્માનું જે અભ્યંતર અંગ છે, એ અભ્યંતર અંગને જ્ઞાનજ્યોતિ વડે જેણે પ્રગટ કર્યું છે તેને અંદરમાં આનંદ ને વીતરાગભાવની જમવટ જામી ત્યાં મોહ ક્ષીણ થઈ જાય છે અને અંદરમાં અદ્ભુત પરમપારિણામિક જ્ઞાયકસ્વભાવને પૂરણ રીતે દેખે છે. ભલે પંચમ-આરામાં ક્ષીણમોહ નથી છતાં આવી વસ્તુસ્થિતિ છે.

જે પર્યાય વિકલ્પજાળમાં જોડાતી ને રાગમાં હેરાન હેરાન થતી તે પર્યાય હવે ચૈતન્યપરમાત્માને અંતરમાં દેખે છે. નિર્મળ પરિણતિ પરમાત્માને દેખે છે. પ્રત્યક્ષ દેખે છે. નીચલા ગુણસ્થાનમાં પરોક્ષ દેખે છે પણ અહીં ક્ષીણમોહ થતાંની વાત લીધી છે તેથી પ્રત્યક્ષ દેખે છે. આહાહા! પંચમઆરામાં ક્ષીણમોહ થતો નથી છતાં એ વાત લીધી છે કે મોહ ક્ષીણ થતાં અંતરમાં પ્રત્યક્ષ દેખે છે.

જેણે અંતરના આનંદનું અંગ પ્રગટ કર્યું છે એવો અંતરાત્મા મોક્ષ થતાં પૂરણ સ્વરૂપ પરમાત્માને પ્રત્યક્ષ દેખે છે. * * *

# સ્વરૂપમાં જેટલી લીનતા તેટલી શાંતિ ને સ્વરૂપાનંદ

જોકે દૃષ્ટિ—અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તોપણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે. રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે અને વીતરાગતા—અંશરૂપ અંતર્મુખતા સુખરૂપે વેદાય છે. જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે. આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. જો સાધકને બહારમાં—પ્રશસ્ત-અપ્રશસ્ત રાગમાં—દુઃખ ન લાગે અને અંદરમાં–વીતરાગતામાં–સુખ ન લાગે તો તે અંદર કેમ જાય? ક્યાંક રાગ વિષે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય, ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે—વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે અને જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાન્તિ અને સ્વરૂપાનંદ છે. ૨૯૫.

**[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]**

જોકે દૃષ્ટિ અપેક્ષાએ એટલે કે સમ્યગ્દર્શનની અપેક્ષાએ સાધકને અર્થાત્ ધર્મનું સાધન કરનારને પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી. સત્યદર્શન થયું તે દર્શનમાં ધ્રુવનો એકનો જ સ્વીકાર છે, તેમાં પર્યાય કે ગુણભેદનો સ્વીકાર નથી. સમકિતી પૂરણ વીતરાગી ન થાય ત્યાં સુધી તેને રાગ આવે છે પણ દૃષ્ટિમાં તો એકલો ધ્રુવ જ હોય છે અને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના હોય છે.

હું તો અતીન્દ્રિય આનંદકંદ છું—એવો સ્વીકાર થયા પછી પણ સાધકને રાગાંશ આવે છે, મહાવ્રતાદિનો વિકલ્પ ઉઠે છે પણ દુઃખરૂપ લાગે છે. પ્રજ્ઞાછીણી વડે રાગથી ભિન્ન પડ્યો છતાં જે રાગાંશ આવે તે દુઃખરૂપે સાધકને વેદાય છે.

શ્રેણિક રાજાને નરકમાં ક્ષાયિક સમકિત છે છતાં જેટલો કષાય છે તે દુઃખરૂપે વેદાય છે અને તે જ વખતે જે વીતરાગતાનો અંશ છે તે સુખરૂપે વેદાય છે. પ્રતિકૂળ સંયોગ

છે તે દુઃખ છે કે અનુકૂળ સંયોગ છે તે સુખ છે તેમ નથી. રાગાંશનું દુઃખરૂપે વેદન પણ છે અને અતીન્દ્રિય ચમત્કારી આનંદનું પણ સાધકને વેદન છે.

જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે. રાગનો અંશ આવે તેને દુઃખરૂપે વેદે છે છતાં તેનાથી ન્યારો ને ન્યારો છે. અંતરમાં રાગથી જે ભિન્નતા થઈ તે ભિન્નતા તો ભિન્નતા જ રહે છે. પાણીમાં તેલનું ટીપું ઉપર ઉપર જ તરે છે.તેમ અતીન્દ્રિય આનંદ ને રાગ બન્નેની ભિન્નતા રહે છે. રાગનો અંદરમાં પ્રવેશ નથી, છતાં રાગનું વેદન પણ છે, કેમ કે તે કાંઈ પરચીજ નથી, પોતાની નબળાઈથી જે રાગ આવ્યો તે દુઃખરૂપ વેદાય પણ છે. વીતરાગતા છે એટલો આનંદ છે ને નબળાઈને લઈને જેટલો રાગ છે તેટલું દુઃખ છે.

જેમ આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. આહાહા! આ તો બેન તો અતીન્દ્રિય આનંદમાં રહે છે તેનાથી બોલાઈ ગયું તે આ છે. કહે છે કે ચૈતન્યવસ્તુ જે અનાદિ સત્ સત્તા તેમાં તો વિભાવ નથી સમાતો પણ ચૈતન્યની પરિણતિમાં પણ વિભાવ નથી સમાતો. તારી ચીજમાં તો રાગ નથી સમાતો પણ તને જે ધર્મદશા પ્રગટી તેમાં પણ રાગ સમાતો નથી, કેમ કે વસ્તુ તો વીતરાગમૂર્તિ છે ને તેના અવલંબને જે વીતરાગપરિણતિ પ્રગટી તે ધર્મદશા છે, તેમાં પણ રાગનો પ્રવેશ નથી. તો આખી દુનિયા—સ્ત્રી-પુત્ર-પૈસા તો કચાંય રહી ગયા! રાગની મંદતા આવે છે તે ચૈતન્ય-પરિણતિને સ્પર્શતી નથી ને પરદ્રવ્યને પણ સ્પર્શતી નથી.

સાધકને શુભાશુભભાવમાં દુઃખ ન લાગે ને અંતરમાં સુખ ન લાગે તો સાધક અંદર કેમ જાય? વાંચન-શ્રવણ-ચિંતન-મંથન એ વિકલ્પમાં જો દુઃખ ન લાગે ને અંદરમાં સુખ ન લાગે તો તે અંદર કેમ જાય?

રાગમાં દુઃખ ન લાગે ને અંદરમાં સુખ ન લાગે તો અંદર કેમ જાય? છ ઢાળામાં 'રાગ આગ દહે સદા'—એમ કહ્યું છે. રાગરૂપી અગ્નિ આત્માને સદા દઝાડે છે. કમજોરીથી પણ જે રાગ આવે છે તે અગ્નિ સમાન છે. શ્રી સમયસારના મોક્ષ-અધિકારમાં પ્રશસ્ત રાગને વિષકુંભ કહ્યો છે. શુભરાગને વિષકુંભ કહ્યો છે! ગમે તે ભાષામાં કહ્યું હોય પણ સર્વત્ર એક જ ભાવ છે—વિભાવનો અંશ તે દુઃખરૂપ છે.

બેનને નવ ભવના અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણ પ્રત્યક્ષ છે. કચારેક તો ભૂલી જાય છે કે હું મહાવિદેહમાં છું કે ભરતમાં! એ બેનની કહેલી આ વાત છે કે ઊંચામાં ઊંચો શુભભાવ હોય કે અતિ સૂક્ષ્મ રાગરૂપ પ્રવૃતિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકૂળતા છે. આ પુસ્તક તો અન્યમતિ વાંચીને પણ રાજી થાય છે. કચારે બેન બોલ્યા ને કચારે દીકરીઓએ લખી લીધું! આ બુધવારે (-૬૭ મી જન્મજયંતિના દિવસે) બેનને બાર જણા હીરાથી વધાવશે. એ બેન અહીં કહે છે કે જેટલી પ્રવૃત્તિ છે તેટલી આકૂળતા છે અને જેટલો નિવૃત્ત થઈને સ્વરૂપમાં લીન થયો તેટલી શાંતિ ને સ્વરૂપાનંદ છે. * *

# મુનિરાજ એટલે વીતરાગતાની મૂર્તિ

મુનિરાજનો નિવાસ ચૈતન્યદેશમાં છે. ઉપયોગ તીખો થઈને ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે. બહાર આવતાં મડદા જેવી દશા હોય છે. શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે. શાન્તિનો સાગર પ્રગટયો છે. ચૈતન્યની પર્યાયના વિવિધ તરંગો ઊછળે છે. જ્ઞાનમાં કુશળ છે, દર્શનમાં પ્રબળ છે, સમાધિના વેદનાર છે. અંતરમાં તૃપ્ત તૃપ્ત છે. મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે. દેહમાં વીતરાગદશા છવાઈ ગઈ છે. જિન નહીં પણ જિનસરખા છે. ૩૫૬.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

મુનિરાજનો નિવાસ ચૈતન્યદેશમાં છે. જ્યાં રાગાદિ છે નહીં ને એકલા જ્ઞાન-આનંદ આદિ ગુણો છે એ ચૈતન્યદેશમાં મુનિરાજનો નિવાસ છે. જાણવાનો દેખવાનો ઉપયોગ સૂક્ષ્મ થઈને ઊંડે ઊંડે ચૈતન્યગુફામાં ચાલ્યો જાય છે, ધ્રુવમાં ચાલ્યો જાય છે, છતાં ધ્રુવ ને પર્યાય એકમેક થઈ જતાં નથી. મુનિરાજની દશા ચૈતન્યપ્રદેશ તરફ જ ઢળેલી હોય છે. રાગ તરફ તેમનું વલણ હોતું નથી, રાગ આવે છે, તે જાણવા લાયક છે. બહારમાં આવતાં મડદા જેવી દશા હોય છે.

મુનિરાજની પરિણતિ વારંવાર અંતર તરફ ઝૂકી જાય છે. બહાર આવતાં મડદા જેવી દશા હોય છે. ચૈતન્યપ્રદેશની બહાર આવતાં મડદા જેવી દશા હોય છે. શુભ ભાવ આવે પણ મડદા જેવી દશા હોય છે, ઉત્સાહ હોતો નથી. ચૈતન્યદેશથી વિપરીત ભાવોમાં મુનિ-રાજની મડદા જેવી દશા હોય છે. શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે, અસ્થિરતાનો થોડો રાગ છે રાગ આવે છે પણ જાગૃતસ્વભાવની અપેક્ષાએ અજાગૃતભાવમાં મડદા જેવી દશા હોય છે.

મુનિરાજને ત્રણ કષાયના અભાવરૂપ શાન્તિનો સાગર પ્રગટયો હોય છે. જ્ઞાન આનંદ આદિ પર્યાયો વિવિધ તરંગે ઊછળે છે. આહાહા! મુનિરાજ કોને કહીયે! હું જ્ઞાનસ્વરૂપ છું અને એ સિવાય વ્યવહાર આવે છે તેને જાણે છે. જ્ઞાનમાં કુશળ છે ને દર્શનમાં પ્રબળ

[ અનુસંધાન પાનું ૧૮ ]

# આખું બ્રહ્માંડ ખળભળે તોપણ ધર્મીની ચૈતન્યપરિણતિ ડોલે નહિ

સમ્યગ્દૃષ્ટિને પુરુષાર્થ વિનાનો કોઈ કાળ નથી. પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યારથી પુરુષાર્થનો દોર ચાલું જ છે. સમ્યગ્દૃષ્ટિનો આ પુરુષાર્થ સહજ છે, હઠપૂર્વકનો નથી. દૃષ્ટિ પ્રગટ થયા પછી તે એક બાજુ પડી છે એમ નથી. જેમ અગ્નિ ઢાંકેલો પડ્યો હોય એમ નથી. અંદરમાં ભેદજ્ઞાનનું-જ્ઞાતાધારાનું પ્રગટ વેદન છે. સહજ જ્ઞાતાધારા ટકી રહી છે તે પુરુષાર્થથી ટકી રહી છે. પરમ તત્ત્વમાં અવિચળતા છે. પ્રતિકૂળતાના ગંજ આવે, આખું બ્રહ્માંડ ખળભળે, તોપણ ચૈતન્યપરિણતિ ડોલે નહીં—એવી સહજ દશા છે. ૩૯૭.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સમ્યગ્દૃષ્ટિને અંતરમાં ઝૂકાવ થઈ ગયો છે તેથી કોઈ પણ કાળ અંતરના પુરુષાર્થ વિનાનો હોતો નથી. જ્યાં રુચિનું પોષાણ આવે ત્યાં વીર્ય ગતિ કરે છે. આત્મા દૃષ્ટિમાં આવ્યો ત્યાં તે તરફના પુરુષાર્થ વિનાનો કોઈ પણ કાળ હોતો નથી. પુરુષાર્થની ગતિ-ઝૂકાવ અંતર્મુખ થયો છે તે પુરુષાર્થ વિનાનો કોઈ કાળ ધર્મીને હોતો નથી.

પુરુષાર્થ કરીને રાગથી ભેદજ્ઞાન પ્રગટ કર્યું—ગુરુએ કહ્યું કે તું નિર્મળાનંદ પ્રભુ છે ને પુણ્ય-પાપના ભાવ મલિન છે એમ જ્યાં જાણ્યું ત્યાં મલિનતાથી ભિન્ન પડીને અંતર્દૃષ્ટિમાં પરથી ભેદજ્ઞાન પ્રગટ કર્યું—ત્યારથી પુરુષાર્થની ધારા ચાલુ જ છે. જેને જેની રુચિ છે તેને તેનો પુરુષાર્થ ચાલે જ છે. રુચિમાં આત્માનું પોષણ થયું ત્યારથી પુરુષાર્થ સ્વભાવસન્મુખ તરફનું કામ કરે જ છે. જેની રુચિ ને પોષાણ થયું તે પોષાણની પુષ્ટિ કર્યા જ કરે છે.

સમ્યગ્દૃષ્ટિનો આ પુરુષાર્થ સહજ છે. હઠપૂર્વકનો નથી. અજ્ઞાની દયા-દાન આદિનો પુરુષાર્થ કરે છે તે હઠપૂર્વક કરે છે. પરંતુ જેણે દયા-દાન આદિથી ભિન્ન આત્માનું જ્ઞાન પ્રગટ કર્યું તેને ત્યારથી આત્મ-સન્મુખતા તરફનો પુરુષાર્થ સહજ હોય છે, હઠપૂર્વકનો હોતો નથી. જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ તરફની પુરુષાર્થની ગતિ સહજ છે, ભલે બહારમાં ઊભો દેખાય પણ ધર્મીની દૃષ્ટિ તો અંતર તરફની જ હોય છે.

શરીર-વાણી-મન તો ક્યાંય રહ્યાં, પણ પુણ્ય-પાપ રહિત નિર્મળાનંદ પ્રભુની દૃષ્ટિ થઈ પછી તે એક બાજુ પડી રહે છે એમ નથી. ચૈતન્યસ્વભાવ તરફનો પ્રયત્ન ચાલે

છે. જેમ અગ્નિ ઢાંકેલો પડ્યો હોય તેમ દૃષ્ટિ એક બાજુ પડી રહે એમ નથી. દૃષ્ટિ અંદર કામ કરે જ છે. અગ્નિ પ્રગટ રહીને કામ કરે તેમ ધર્મીને અંતરમાં રાગથી ભિન્ન જ્ઞાતાધારાનું પ્રગટ વેદન છે. હું આનંદ છું, જ્ઞાન છું–એમ પ્રગટ વેદન ધર્મીને સદા હોય છે. સ્વાભાવિક જ્ઞાતાધારા ધર્મીને ટકી રહે છે. પુરુષાર્થથી જ્ઞાતાધારા ધર્મીને ટકી રહી છે.

ધર્મીને આત્માનું ભાન થયું તેમાં અવિચળતા છે. જેમ માતાને માતા જાણ્યા પછી આ મારી માતા જ છે, સ્ત્રી–બહેનાદિ નથી એમ અવિચળતા રહે છે તેમ જ્ઞાનીને પરમતત્ત્વમાં અવિચળતા છે. બહાર પ્રતિકૂળતાના ગંજ આવે, આખું બ્રહ્માંડ ખળભળે તોપણ ચૈતન્યસ્વરૂપની પરિણતિ ધર્મીને ડોલે નહીં, પોતાની ચૈતન્યદશા ડોલે નહીં–એવી સહજ દશા ધર્મીની હોય છે.

* * *

[ મુનિરાજ એટલે વીતરાગતાની મૂર્તિ........ પાનું ૧૬ થી ચાલુ ]

છે. સમાધિના વેદનારા છે. આધિ–વ્યાધિ ને ઉપાધિથી રહિત સમાધિના વેદનારા છે. અંતરમાં તૃપ્ત તૃપ્ત છે. શાંતિ, આનંદ, સ્વચ્છતા આદિ અંતરનો ખોરાક છે ને વેદનમાં તૃપ્ત તૃપ્ત છે.

મુનિરાજ જાણે વીતરાગની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે. રાગ દ્વેષના અંશના કણ વિના એકલી વીતરાગતાની મૂર્તિ મુનિરાજ છે. મુનિને તો ત્રણ કષાયનો અભાવ થયો છે, તે મુનિરાજને શાન્તિનો સાગર ઊછળે છે. મુનિરાજ તો જાણે વીતરાગની મૂર્તિ છે. ભગવાન આત્મા વીતરાગમૂર્તિ છે ને મુનિરાજ તો પર્યાયમાં વીતરાગની મૂર્તિ છે. શ્રી નિયમસારના કળશમાં તો કહ્યું કે અરેરે! આપણે જડ મતિ છીએ કે મુનિરાજમાં ને સર્વજ્ઞમાં ભેદ જાણીયે છીએ! આહાહા! મુનિરાજ તો જાણે સાક્ષાત્ વીતરાગની મૂર્તિ હો એ રીતે પરિણમી ગયા છે.—એને મુનિ કહીયે.

દેહમાં વીતરાગ દશા છવાઈ ગઈ છે. ઉપશમરસ વર્તે રે પ્રભુ! તારા નયનમાં. ભક્તામરમાં તો એમ કહ્યું કે પ્રભુ! લોકમાં જેટલા શાન્ત પરમાણુ છે તે સર્વે આપના શરીરમાં આવીને રહ્યા છે! આત્મા તો ઉપશમરસનો પિંડ છે જ પણ શરીર પણ ઉપશમ રસથી છવાઈ ગયું છે. એવી દશા સર્વજ્ઞની છે ને મુનિની પણ એવી દશા થઈ ગઈ છે. દેહમાં પણ વીતરાગતા દેખાય. શાન્ત શાન્ત વીતરાગતા પ્રગટી ત્યાં દેહમાં પણ તેની ઝાંય દેખાય. જિન નહીં પણ જિનસરખા છે. એકલો વીતરાગ ભાવ! એકલો ચૈતન્યમૂર્તિ ભગવાન પોતાની વીતરાગ પરિણતિરૂપે પરિણમી ગયો છે ને દેહમાં પણ વીતરાગતાની ઝાંય દેખાય છે. જિન નહીં પણ જિનસરખા છે. ધન્ય તે મુનિદશા!

# સ્વભાવભૂત ભગવતી જ્ઞાનચેતનાને આરાધો

*

જે કર્મફળને વેદતો નિજરૂપ કર્મફળને કરે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને–દુખબીજને; ૩૮૭.
જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું,'
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને–દુખબીજને; ૩૮૮.
જે કર્મફળને વેદતો આત્મા સુખી દુખી થાય છે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને–દુખબીજને. ૩૮૯.

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવનો પિંડ છે, જાણન સ્વભાવનો સાગર છે, તે જ્ઞાનથી અન્યમાં એટલે કે જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં એમ ચેતવું કે 'આ હું છું;' ચૈતન્ય-સાગરથી ભિન્ન જે દયા–દાન આદિના શુભ કે અશુભ રાગનો વિકલ્પ તેમાં 'આ હું છુ" –એમ વેદવું તે અજ્ઞાનચેતના છે, એ હું છું, એ મને લાભદાયક છે એમ માનવું–વેદવું તે અજ્ઞાનચેતના છે. શુભ ને અશુભ ભાવને–ચેતનાથી વિરુદ્ધ ભાવને–ચેતવું અનુભવવું તે અજ્ઞાનચેતના છે—અજ્ઞાનનો અનુભવ છે.

ચૈતન્ય સ્વભાવ પવિત્રતાનો પિંડ છે, તેનાથી અન્ય મલિન ભાવોમાં—દયા–દાન–વ્રતનો ભાવ હો તેમાં—આ હું છું એમ ચેતવું તે અજ્ઞાનભાવ છે. જ્ઞાન સિવાય અન્યભાવોમાં ચેતવું તે અજ્ઞાનચેતના છે. તેના બે પ્રકાર છે:—કર્મચેતના ને કર્મફળચેતના. કર્મ એટલે જડ કર્મ નહીં પણ કર્મ એટલે કાર્ય, કર્મ એટલે શુભ ને અશુભભાવ. તેને પોતાના માને તે કર્મચેતના છે, તે અધર્મ છે. કર્મચેતના એટલે શુભ–અશુભભાવનો અનુભવ, વિકારી કાર્યનો અનુભવ. જડ કર્મ તો આત્માને અડતા જ નથી.

કોઈ પણ વિકલ્પને હું કરું છું, એવા વિકલ્પનો અનુભવ કે 'આ હું કરું છું" –તે કર્મચેતના છે, તથા જ્ઞાન સ્વભાવથી અન્યમાં 'આ હું ભોગવું છું' તે કર્મફળચેતના છે. દાળ–ભાત કે મેસુબને તો આત્મા અડતો જ નથી, પણ રાગને હું ભોગવું છું તે

કર્મફળચેતના છે. દાળ-ભાત આદિ તો પરદ્રવ્ય છે, પરદ્રવ્યને તો આત્મા ત્રણ કાળમાં ભોગવે નહીં, પણ પોતાની પર્યાયમાં જે વિકારી અવસ્થા છે તેને હું ભોગવું છું તે કર્મફળચેતના છે. પરનું લક્ષ કરીને જે હર્ષ-શોક થાય તે કર્મફળચેતના છે. દુઃખનું વેદન તે કર્મફળચેતના છે.

પંચમહાવ્રતના પરિણામને હું કરું છું એ કર્મચેતના છે અને તે વિકારના વેદનમાં જ સલવાઈ ગયો છે. રાગનું ફળ જે સુખ-દુઃખ તેને વેદે છે તે અજ્ઞાન છે. પૈસા મારી પાસે છે તે ઠીક છે, મને મજા પડે છે એવું જે વેદન તે અજ્ઞાન છે, બંધનું કારણ છે. કર્મના ફળને ભોગવવું તે કર્મફળચેતના છે. એ રીતે અજ્ઞાનચેતના બે પ્રકારે છે. જ્ઞાનચેતના એક પ્રકારે છે,

બન્ને અજ્ઞાનચેતના સંસારનું બીજ છે. પંચમહાવ્રતના પરિણામ હું કરું છું ને હું એને ભોગવું છું એ સંસારનું બીજ છે, એ બીજમાંથી સંસાર ફાલશે. અરેરે! ૮૪ લાખ યોનિના કોઈ પણ અવતાર! એકેન્દ્રિયના અવતારની તો વાત જ શી કરવી? —દુઃખી-દુઃખી-દુઃખી! પણ પંચેન્દ્રિયના અવતારમાં પણ દુઃખી-દુઃખી છે!

દયા-દાન આદિના રાગને કરું ને તેના ફળને ભોગવું—અરેરે! એ અજ્ઞાનચેતના છે, એ સંસારનું બીજ છે. એ ભાવ ચાર ગતિમાં રખડવાનું બીજ છે. કળશટીકામાં તો કહ્યું કે બાર અંગનું જ્ઞાન પણ વિકલ્પ છે, પરંતુ બાર અંગમાં જે કહ્યું છે તે આત્માનું જ્ઞાન કરીને વેદન કરવું તે મોક્ષનું કારણ છે. અહીં કહે છે કે સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારના કર્મ તેનું અજ્ઞાનચેતના બીજ છે.

આહાહા! એક વાર તો ઢીલો થઈ જાય કે કોઈ મને બાહ્યમાં શરણ નથી, મારું સ્વરૂપ જ મને શરણ છે.

માટે મોક્ષાર્થી પુરુષે એટલે કે જેને બંધથી મૂકાવું છે, બંધાવું નથી એવા મોક્ષાર્થી પુરુષે અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા માટે કર્મચેતનાના સન્યાસની—ત્યાગની ભાવનાને ને કર્મફળચેતનાના ત્યાગની ભાવનાને નચાવવી ને સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને જ એકને સદાય નચાવવી. પુણ્ય-પાપ ભાવથી રહિત સ્વભાવભૂત જે ભગવતી જ્ઞાનચેતના—નિશ્ચય-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ એક ભગવતી જ્ઞાનચેતનાને જ સદાય નચાવવી. આનંદનું પૂર પ્રભુ તેનું પરિણમન કરવું, જ્ઞાનાનંદ સ્વભાવનું નિર્મળ પરિણમન તે જ્ઞાનચેતના તેને નચાવવી, સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને એકને જ સદાય નચાવવી, તેને એકને જ સદાય પરિણમાવવી.

# શુદ્ધાત્મ-અવલોકન 卐 जाण अलिंगग्गहणम् ।

[ પ્રવચનસાર ગાથા-૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

## ✵ પ્રવચન અગીયારમું ✵

[ વીર સંવત ૨૫૦૪ માગશર સુદ ૭ શનિવાર તા. ૧૭-૧૨-૭૭ ]

શ્રી પ્રવચનસારશાસ્ત્રના જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકારની ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના બોલ ચાલે છે. જ્ઞેય એટલે જાણવાલાયક આત્મા કેવો છે અને જેને જાણ્યે સમ્યગ્દર્શન થાય તે અધિકાર છે. જ્ઞેય એટલે આત્મા કેવડો છે ને કેવો છે કે જેથી તેનું જ્ઞાન જેવડો છે તેવું થાય અને જેવડો જ્ઞેય છે તેની શ્રદ્ધા થાય તેનો અધિકાર ચાલે છે. શરૂઆતની વાત છે પણ છે ઝીણી. તેમાં પંદર બોલ ચાલી ગયા છે. હવે સોળમો બોલ કહે છેઃ

> જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૬.

જેને એટલે કે અંદર ભગવાન શુદ્ધ આનંદસ્વરૂપ આત્મા છે તેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ, નપુંસક વેદોનું ગ્રહણ નથી. જિનેન્દ્રદેવ, સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો તે આત્મા દ્રવ્ય ને ભાવ, વેદ ને વેદ-વાસના રહિત છે. શરીર, કર્મરહિત તો છે; તેમ પરવસ્તુ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ આદિ એનાથી તો પ્રભુ રહિત જ છે. એ કાંઈ એની ચીજ નથી, એનામાં એ નથી. મારું ઘર, મારું કુટુંબ, મારો દેશ એમ માનીને તેણે આત્માને મારી નાખ્યો છે. અહીં તો એનાથી આગળની વાત છે. અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ સર્વજ્ઞપરમેશ્વર જે ફરમાવે છે તે સંતો જગતને જાહેર કરે છે કે આત્મા એને કહીએ કે જેમાં પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ એ દ્રવ્યવેદ નથી. કારણ કે એ તો જડ છે, એ સિવાય અંદર પુરુષને સ્ત્રીની, સ્ત્રીને પુરુષની જે વાસના ઉત્પન્ન થાય તે વાસના પણ સ્વરૂપમાં નથી.

વીતરાગમાર્ગની આવી ઝીણી વાતો છે. આ તો લોકોએ બહારમાં કાંઈક દયા પાળી, જાત્રા કરી, ભક્તિ કરી ને માન્યું કે થઈ ગયો ધર્મ. પણ એમાં ધર્મ નથી, એ તો રાગ

છે, રાગથી ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ સત્યને અસત્ય તરીકે સ્વીકારે છે. અહીં તો પરમાત્મા એમ કહે છે કે પ્રભુ! તું કોણ છો, ક્યાં છો, કેવો છો કે તને જાણ્યે સમ્યક્‌—સત્યદર્શન થાય, સાચી શ્રદ્ધા થાય, સાચું જ્ઞાન થાય. ક્યારે, કોને અને કેવડાને જોતાં સાચું જ્ઞાન થાય?—કે શરીરાદિ જે દ્રવ્યવેદ છે તે તો એના સ્વરૂપમાં નથી, એ તો જડ–માટી છે, તેનો તો એનામાં અભાવ છે; હવે રહી વેદની વાસના–વિષયની વાસના, એ તો વિકૃત–વિકાર છે, એ તો પાપતત્ત્વ છે; ભગવાન આત્માનું સ્વરૂપ જે છે તેમાં એ છે નહિ, એવા આત્માને જોતાં સાચું જ્ઞાન થાય.

પ્રભુ! તને મનુષ્યપણું મળ્યું હવે એકવાર સાંભળ તો ખરો! નિગોદ ને એકેન્દ્રિયમાં રખડતો હતો, એક શરીરમાં અનંતા જીવ સાથે રખડતો હતો. નારકીના દુઃખની વેદના તેં સાંભળી નથી. એવા ભવમાં અત્યાર સુધી ભૂતકાળમાં અનંતવાર રહ્યો છો. એકક્ષણની નરકના દુઃખની વેદના કરોડો જીભથી ને કરોડ ભવે ન કહી શકાય એટલી બધી છે, ત્યાં એકલી પીડા...પીડા....પીડા....જ છે પણ એ બધું ભૂલી ગયો. બાળક જન્મે ત્યારે ઉંવા....ઉંવા....ઉંવા....કરે છે, એ ત્યાં ને અમે અહીં, અમારે કાંઈ નહિ!

અહીં કહે છે કે એકવાર તારે આત્માની વસ્તુસ્થિતિને પ્રતીતમાં, જ્ઞાનમાં લેવી હોય તો એ આત્મા કેવો છે?—કે જેમાં દ્રવ્ય–વેદ જડ–અજીવ છે, એ તો આત્મામાં છે જ નહિ, એને આત્મા અડયો જ નથી અને ભાવવેદ જેમાં સ્રીને પુરુષની વિષય–વાસના, પુરુષને સ્રીની વાસના, નપુંસકને બન્નેની વાસના–એ વાસના તે પાપતત્ત્વ છે, આત્મતત્ત્વમાં એ છે નહિ, માટે તે તત્ત્વ દ્વારા આત્મા જણાય એવો આત્મા નથી, અંદર સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ, નિત્ય, અખંડ, સામાન્ય, અભેદ તત્ત્વ બિરાજે છે. આ અંદર વસ્તુ છે જેમાં આનંદ અનંત છે. એક જ આનંદ ગુણ લ્યો તો જેને હદ નથી, મર્યાદા નથી એવો અનંત આનંદમયપ્રભુ આત્મા છે. એ આનંદને મર્યાદા–પરિમીતતા–હદ નથી એવો અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે. એમ જ્ઞાન પણ અનંત છે, જ્ઞાન ધ્રુવ છે તેની હદ નથી. વિકાર જે ઉત્પન્ન થાય છે તે એક ક્ષણનો છે, એ તો હદવાળો છે, એની મર્યાદા છે, અને અંતરમાં જ્ઞાનસ્વરૂપ છે એ તો અનંત છે. જ્ઞાન....જ્ઞાન....જ્ઞાન....એની તાકાતનો અંત નથી. પણ આવો આત્મા કદી સાંભળ્યો જ નથી!

જેને ભગવાન આત્માને જાણવો હોય, જાણીને એની પ્રતીતિ કરવી હોય તો તે આત્મા ભાવવેદ ને દ્રવ્યવેદથી રહિત અંદર છે એને એણે જાણવો ને પકડવો પડશે. અહીં તો આત્મા અંદર સચ્ચિદાનંદપ્રભુ, સિદ્ધ સમાન સદા પદ મેરો—એ વસ્તુ છે, કારણપ્રભુ છે, કારણપરમાત્મા પોતે છે, કારણજીવ છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, જ્ઞાયક છે, એનો આશ્રય લેવા માટે આ દ્રવ્યવેદ ને ભાવવેદના ભાવથી રહિત થવું પડશે. દયા, દાન, વ્રતનો ભાવ

છે એ રાગ છે, એ રાગને પોતાનો માને અને રાગથી લાભ માને તો એ પણ વેદની વાસનાવાળા છે, એને આત્માની ખબર નથી.

જે ત્રણ લોકનો નાથ આનંદથી ભરેલો પ્રભુ છે તેમાં સુખનો સાગર છે, એમાં સુખ ન માનતા વિષયની વાસનામાં સુખ માનવું અને મજા છે એમ માનવું તે મહામિથ્યાત્વ અનંત સંસારનાં બીજડાં છે. આવી વાત સાંભળવા મળતી નથી. એ તો સમ્મેદશિખર કે શત્રુંજયની જાત્રા કરી આવે ને ધર્મ થઈ ગયો એમ માને પણ તેમાં ધર્મ નથી; એ તો જો રાગ મંદ કર્યો હોય તો પુણ્ય છે, બંધન છે; એ વસ્તુસ્વરૂપ નથી, ધર્મ નથી.

અહીં કહે છે કે દ્રવ્ય અને ભાવ વેદોનું ગ્રહણ નથી એટલે કે દ્રવ્યવેદને અને વેદવાસનાને જેણે પકડયા જ નથી. ચૈતન્યસ્વરૂપ ભગવાન શાંતિનો સાગર અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે એણે આ વેદવાસના ને જડવેદને ગ્રહ્યા નથી, પકડયા નથી, એના સ્વરૂપમાં એ છે નહિ; અને દ્રવ્ય-ભાવવેદ દ્વારા આત્મા જણાય એવો નથી, એ તો દુઃખદાયક પરિણામ છે. બાપુ! તને ખબર નથી કે તું કોણ છો. ચૈતન્ય હીરલો અનંત જ્ઞાન-આનંદની લક્ષ્મીથી ભરેલો ચૈતન્યચિંતામણી છે, એને જાણવા માટે દ્રવ્ય ને ભાવવેદથી રહિત થઈને એને ઓળંગી જઈને ભગવાનને પકડ તો તને આત્માનું જ્ઞાન ને આત્મદર્શન થાય. વીતરાગ જિનેન્દ્રભગવાનના માર્ગની આખી જાત જ જુદી છે, અત્યારે તો બધો ફેરફાર થઈ ગયો છે. કોઈ કહે છે કે શુભભાવને બળપૂર્વક કરવા, રુચિપૂર્વક કરવા. તેને કહે છે કે દયા, દાનાદિના ભાવ તે શુભભાવ છે અને એની રુચિ તે મિથ્યાત્વ છે બાપુ! દિગંબર સમાજમાં પણ લોકોને ખબર નથી, સત્ય શું છે તે સાંભળવાની, સમજવાની લોકોને નવરાશ-ફુરસદ નથી. જેમ અહીં ભાવવેદની રુચિ તે મિથ્યાત્વ છે તેમ દયા, દાન, વ્રતના પરિણામ શુભ છે અને એની રુચિ છે તે મિથ્યાત્વ છે.

ભગવાન પરમેશ્વરને અનંત જ્ઞાન, અનંત આનંદ પ્રગટ થયો તે ક્યાંથી પ્રગટ થયો? તે ક્યાંય બહારથી આવે છે? એના સ્વભાવમાં શક્તિરૂપે હતું, સામર્થ્ય રૂપે હતું, સત્ત્વરૂપે હતું તે તત્ત્વરૂપે પર્યાયમાં બહાર આવે છે. સંવર, નિર્જરાનું ફળ કેવળજ્ઞાન તે મોક્ષતત્ત્વ છે ને તે તત્ત્વ અંદર શક્તિરૂપે હતું તે બહાર આવ્યું. આત્મામાં અનંત જ્ઞાન, અનંત આનંદ છે, મુક્તસ્વરૂપ છે, અબદ્ધસ્વરૂપ છે; તે મુક્તસ્વરૂપ શક્તિથી, સામર્થ્યથી ને સ્વભાવથી છે. ભગવાને એને મોક્ષતત્ત્વમાં શક્તિમાંથી વ્યક્ત કર્યું છે.

અંતર-આત્માના સાધન દ્વારા પરમાત્મા થઈ શકે છે. બહિરાત્માને છોડી આનંદકંદ પ્રભુના ભાન દ્વારા, એના સાધન દ્વારા, ઉપાય દ્વારા પરમાત્મા થઈ શકે છે. એ અંતરાત્મા કેમ કરવો? એની અહીં વાત ચાલે છે. ભગવાન આત્મા આનંદનો નાથ છે એને જાણી,

શ્રદ્ધા કરીને, ઠરવું તે પરમાત્મા પરમેશ્વર થવાનું સાધન છે, દયા, દાન, વ્રત એ સાધન નથી, એ ઉપાય નથી.

વાસનાથી રહિત જેનો વાસ છે—નિવાસ છે એને વાસનાની દૃષ્ટિ છોડીને પકડવો, તેમાં એકાગ્ર થવું. મુનિ અને ધર્મી કોને કહેવાય? કે જે સ્વદ્રવ્યમાં રક્ત અને પરદ્રવ્યથી વિરક્ત હોય તેને ધર્મી કહેવાય. સ્વદ્રવ્યમાં એટલે ભગવાન આનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે એમાં રત તે ધર્મ છે, એમાં લીનતા તે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. પરદ્રવ્યમાં રત તે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર છે. પરદ્રવ્યમાં રત, સ્વદ્રવ્યથી વિરક્ત તે મિથ્યાદૃષ્ટિ–અજ્ઞાની–સંસારી છે. સ્વદ્રવ્યમાં રત ને પરદ્રવ્યથી વિરક્ત તે ધર્મી જીવની સાધકદશાની શરૂઆત છે.

આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી–પુરુષ તેમ જ નપુસંક નથી—એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

**લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગ-ગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૭.**

લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી—એમાં એમ કહે છે કે સાધુ જે સાચા હોય છે તેનું શરીર નગ્ન હોય છે, અને તેને પંચમહાવ્રતના વિકલ્પ હોય છે. જૈનનાં સાચા સાધુ એને કહીએ કે જેની નગ્નદશા હોય, ઉપકરણમાં મોરપીંછી ને કમંડળ હોય અને જેને વ્યવહારે પંચમહાવ્રતના પરિણામ હોય છે, પણ એ વસ્તુ આત્મામાં નથી. લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું—નગ્નપણું, પંચમહાવ્રતના પરિણામ, સમિતિ, ગુપ્તિ, આદિ શુભ વિકલ્પ એ બધા ધર્મના ચિહ્નો કહેવાય—એ ચિહ્નોનું ગ્રહણ જેને નથી, જેને આત્માએ પકડયા નથી. કેટલાક લોકો કહે છે કે પંચમહાવ્રતના પરિણામ પાળવા–રાખવા એથી કલ્યાણ થશે, તો એનો અહીં નિષેધ કર્યો છે. ભગવાન આત્મા પૂર્ણાનંદથી ભરેલો સ્વભાવ છે એ સ્વભાવના સાધન વડે કરીને એને મુક્તિ થાય છે, સ્વભાવના સાધન વડે તે સ્વભાવ જણાય છે. રાગથી ભેદ પાડતાં, સ્વભાવનો આશ્રય લેતાં સમ્યક્ થાય છે.

પંચમહાવ્રતના પરિણામ જે ધર્મચિહ્નો કહેવાય છે તે ચિહ્નોનું ગ્રહણ જેને નથી. ભગવાન આત્મામાં એ વિકલ્પ નથી. નગ્નપણું તે અજીવ, પંચમહાવ્રતના પરિણામ તે પુણ્ય. આગલા બોલમાં પાપ ને અજીવ એમ બે હતા; શરીરમાં વેદ છે તે માટી છે, ધૂળ છે, અજીવ છે તેનો અભાવ અને વેદવાસના છે તે પાપ છે એનો અભાવ, અને અહીં હવે પુણ્યની

વાત કરી. કેટલાય લોકો અહીં જ અટકી જાય છે. પંચમહાવ્રત અંગીકાર કર્યાં, ગૃહસ્થાશ્રમ છોડી દીક્ષા લીધી માટે અમારે ધર્મ છે એમ માને છે તેને કહે છે કે ના, ના, એમ નથી. તે ધર્મચિહ્ન એટલે પુણ્યપરિણામ અને નગ્નપણું તે અજીવતત્ત્વ—તે બન્નેનો આત્માના સ્વભાવમાં અભાવ છે. પુણ્યતત્ત્વને આત્માએ ગ્રહ્યું નથી અને અજીવતત્ત્વને તો પકડ્યું જ નથી, તેનો તો તદ્દન અભાવ છે.

લિંગોનું એટલે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી. ધર્મના જે વ્યવહાર લક્ષણ છે પંચમહાવ્રત, વ્યવહાર સમિતિ, ગુપ્તિ એ વિકલ્પ છે, એ તો રાગ છે, પુણ્યતત્ત્વ છે એ આત્મતત્ત્વ નહિ. અને નગ્નપણાની દશા, વસ્ત્ર વિનાની દશા હોય જ, નિમિત્ત હોય તો એવું જ હોય પણ છતાં તેનો આધાર અજીવતત્ત્વ છે. શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ પ્રગટ થતાં અજીવનાં ચિહ્નો જે બહારના નગ્નપણાના ને પંચમહાવ્રતના વિકલ્પનો અભાવ છે, છતાં નિમિત્ત તરીકે હોય તો એવું જ અને એ જ નિમિત્ત હોય. પંચમહાવ્રતના પરિણામ છે એ રાગ છે, પુણ્ય છે, ધર્મ નથી, કારણ કે એમાં પરલક્ષીભાવ છે. આને ન મારું, આની દયા પાળું, જૂઠું ન બોલું, શરીરથી બ્રહ્મચર્ય પાળું—એ બધો પરલક્ષી ભાવ છે, તે પુણ્ય છે, તે પુણ્યચિહ્નને વ્યવહારે ધર્મનું નિમિત્ત કહેવાય છે પણ એ વસ્તુમાં નથી.

શું કહે છે આ! આખો દિવસ બિચારા પાપમાં રચ્યા પચ્યા રહે, ધંધામાં, સ્ત્રી, પુત્રમાં રચ્યા પચ્યા રહે, ત્યાં કહે છે કે આ પુણ્યે એનું નહિ! મુનિ થઈને બેસે, પંચમહાવ્રત ધારણ કરે, નગ્નપણું હોય છતાં એ યતિનું બાહ્યચિહ્ન સ્વરૂપમાં નથી. હવે સ્વરૂપમાં નથી તે સાધન થાય? પંચમહાવ્રત આમ પાળવા, આમ તપસ્યા કરવી, અપવાસ કરવા—એ બધાં અંતરનાં સાધન છે, મોક્ષમાર્ગનાં સાધન છે એમ જે માને છે તે બિલકુલ જૂઠી વાત છે. શુદ્ધ આત્માના ગ્રહણમાં જે પવિત્રતા પ્રગટે એ નિશ્ચય ધર્મ છે, એ નિશ્ચય મુનિપણું છે અને એને બાહ્યમાં પંચમહાવ્રત ને નગ્નપણાની દશા હોય, નિમિત્ત એવું જ હોય, નિમિત્ત બીજું ન હોય પણ એ નિમિત્તથી ત્યાં નિશ્ચય ધર્મ થાય છે–એમ નથી. અનાદિનો માર્ગ તો આવો છે, ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનેન્દ્રપ્રભુ આમ કહે છે, પણ વાડામાં જન્મ્યા એને ય આ ધર્મની ખબર નથી. નામ જૈન કહેવડાવે પણ તેને ય આ ખબર નથી. કોથળીમાં ભરે કાળીજીરી ને ઉપર નામ લખે સાકર, તેથી કાંઈ કાળીજીરી મીઠી ન થાય!

હજી તો વ્રતના પણ ઠેકાણાં નથી, પંચમહાવ્રત પાળવાના ઠેકાણાં નથી, એને માટે કરેલાં ભોજન આહાર–પાણી લ્યે, ત્યાં પંચમહાવ્રતના પરિણામની અહિંસા ક્યાં રહી? સાચા પંચમહાવ્રત હોય, અને બરાબર નગ્નદશા દશા રાખે, વસ્ત્રનો એક ટુકડો પણ જૈનદર્શનની પદ્ધતિ પ્રમાણે ન રાખે. "જન્યા પ્રમાણે રૂપ ભાખ્યું" ત્રિલોકનાથ એમ કહે

છે. કે મુનિનું રૂપ તો જન્મ્યા પ્રમાણે જ હોય છે, જેવો જન્મ્યો તેવું જ નગ્ન રૂપ હોય છે; છતાં તે નગ્નદશા ને પંચમહાવ્રતના પરિણામને ભગવાન આત્માએ ગ્રહ્યા નથી ને એનામાં એ છે નહિ. આ તો ધર્મનો માર્ગ છે, ત્રિલોકનાથ પરમાત્મા જૈનપરમેશ્વર ભગવાન શ્રી સીમંધરપ્રભુ મહાવિદેહમાં બિરાજે છે, એમની પાસે શ્રી કુન્દકુન્દાચાર્ય દિગમ્બર મુનિ સં. ૪૯ માં ગયા હતા, આઠ દિવસ ત્યાં રહ્યા હતા, ત્યાંથી આવીને આ શાસ્ત્રો બનાવ્યાં છે. ભગવાનનો સન્દેશ આ છે.

લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું–ધર્મનું ચિહ્ન એટલે કે આ બાહ્યચિહ્ન બાહ્યલક્ષણ પંચમહાવ્રત, નિર્દોષ આહાર–પાણી લેવાં, એને માટે કરેલા આહાર–પાણી ન લ્યે –એવા મહાવ્રત બાહ્યચિહ્ન છે, અંતરંગ ચિહ્ન તો મહાવ્રતના પરિણામ અને દ્રવ્યલિંગ જે નગ્નપણું તેનાથી રહિત આત્મસ્વભાવની દૃષ્ટિ કરે ત્યારે તેને આત્માનું વેદન થાય તેનું નામ ભાવધર્મ છે.

લોકોને સંસારનાં પાપ આડે નવરાશ ન મળે, પુણ્યનાં ઠેકાણાં ન મળે ત્યાં આ ધર્મ તો ક્યાં છે? એમ ને એમ અનાદિથી નરક ને નિગોદમાં રખડે છે. આહાહા! પ્રભુ તારામાં એટલા ગુણ છે કે એની સંખ્યા અનંતકાળ જાય તો પણ કહી શકાય નહિ એટલા તો ગુણ છે. નરકનાં એક ક્ષણનાં દુઃખને કરોડો જીભે કરોડો ભવમાં કહી શકાય નહિ એટલું વેદન છે. ત્યાં અનંતવાર જીવ રહી આવ્યો છે. અત્યારસુધી જે અનંતકાળ ગાળ્યો છે એના અનંતમા ભાગનો કાળ તો ત્યાં રહ્યો છે. નિગોદમાં અનંતભવ કર્યા, એના અનંતમા ભાગે સ્વર્ગના ભવ કર્યા, એના અસંખ્યમા ભાગે નરકના ભવ કર્યા, એના અસંખ્યમા ભાગે મનુષ્યના ભવ અત્યારસુધી કર્યા છે. પણ આ તત્વની કોને ખબર છે? રોજ સાંજે હિસાબ મેળવે તો બરાબર મેળ મેળવે પણ આ હિસાબનો કોણ મેળ મેળવે છે?

અહીં તો પરમાત્મા, જિનેન્દ્રદેવ, ત્રિલોકનાથ વીતરાગ તીર્થંકરદેવની વાણીમાં આવ્યું તે સંતોએ જગતને આડતીયા થઈને બતાવ્યું છે કે પ્રભુનો માલ આ છે. માલ શું છે?—કે પંચમહાવ્રતના પરિણામ તે રાગતત્ત્વ છે તે કાંઈ આત્માનું લક્ષણ નથી. એ તો બાહ્યતત્ત્વનું લક્ષણ છે અને નગ્નપણું તે આત્માનું લક્ષણ નથી, તે તો અજીવનું લક્ષણ છે.

"તનતા મનતા વચનતા, જડતા જડસમ્મેલ,
લઘુતા ગુરુતા ગમનતા, યે અજીવકે ખેલ."

તનપણું, મનપણું વચનપણું એ બધું જડ છે, માટી છે, એ તો શાસ્ત્રમાં 'ઇન્દ્રિયધી' એમ આવે છે એટલે કે પાંચ ઇન્દ્રિય ઉપર જેની ધી—બુદ્ધિ છે તે બહિરાત્મા–મૂઢજીવ

છે, કેમ કે ઇન્દ્રિય દ્વારા કામ લ્યે છે એને એમ થાય છે કે ઇન્દ્રિય દ્વારા મને જાણવું થાય છે, ઇન્દ્રિય દ્વારા બધું કામ કરી શકું છું એવી માન્યતાવાળો મૂઢ જીવ 'ઇન્દ્રિય ધી'—જેની ઇન્દ્રિયની બુદ્ધિ છે, તે બહિરાત્મા છે એટલે એ વસ્તુસ્વરૂપમાં નથી અને ખંડ ઇન્દ્રિય-જડ ઇન્દ્રિય બાહ્ય છે એની જેને બુદ્ધિ છે તે બહિર્બુદ્ધિ છે, અંતર્બુદ્ધિ નથી. એને ભગવાન બહિરાત્મા કહે છે. બહિર્ એટલે જે વસ્તુમાં-પોતામાં નથી એને પોતાના માને છે તે મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની છે, જૈન નથી, એને જૈનની ખબર નથી.

'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન.'

જિનસ્વરૂપી ભગવાન આત્મા વીતરાગમૂર્તિ અંદર છે. બધા જીવો જિનસ્વરૂપે અંદર છે, પર્યાયમાં ફેર છે પણ વસ્તુમાં ફેર નથી. રાગની એકતા તોડીને જિનસ્વરૂપને જે દૃષ્ટિમાં લ્યે ને અનુભવે તે અંતરના જૈન છે, વેશમાં જૈનપણું નથી. બહારમાં કપડાં કાઢીને નગ્ન થઈને બેઠા માટે તે જૈનપણું છે, પંચમહાવ્રત પાળે છે માટે તે જૈનપણું છે એમ નથી. જૈનપણું તો પરમાત્મા એને કહે છે કે વસ્તુ પોતે જિનસ્વરૂપે છે, વીતરાગમૂર્તિ અખંડાનંદ નાથ પ્રભુ છે એની જેને દૃષ્ટિ થઈ અને રાગની-વિકલ્પની દૃષ્ટિ છૂટી ગઈ એને જૈન કહે છે; જિનને જાણે તે જૈન છે, જિન એટલે પોતે આત્મા.

ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે, આ રીતે આત્માને બહિરંગ બાહ્ય યતિલિંગોનો અભાવ છે. બાહ્ય જે નગ્નપણું ને પંચ મહાવ્રતના પરિણામ એ બાહ્ય યતિપણું છે તેનો અંદરમાં અભાવ છે. ધર્મચિહ્નોનો ખુલાસો કર્યો કે તે બાહ્ય યતિલિંગોની વાત છે, તે જેને નથી. ભગવાન આનંદનો નાથ પ્રભુ એમાં આ બાહ્યલિંગ નથી, તેથી અલિંગ છે, લિંગરહિત છે એવો અર્થ આમાંથી નીકળે છે. યતિના બાહ્યવેશ અને યતિના પંચમહાવ્રત જે અંતરના સ્વરૂપમાં નથી એને અહીં અલિંગગ્રહણ કહેવામાં આવે છે. વિશેષ અવસરે કહેવાશે. [-ક્રમશઃ]

[ શુદ્ધાત્માને વિષે ભેદ.... પેઈજ ૨ થી ચાલુ ]

ભગવાન ઉપર પડી છે તેથી તે સમ્યગ્દૃષ્ટિ છે. ઋષભનાથ ભગવાન મોક્ષ પધારે છે ત્યારે ભરત ચક્રવર્તી રૂદન કરે છે; ઇન્દ્ર ભરતને કહે છે કે અરે ભરત! તમારે તો આ ભવે મોક્ષ જવું છે ને રૂદન શા? અમારે તો હજુ એક ભવ બાકી છે ને તમે તો આ ભવે મોક્ષ જવાના છો. ત્યારે ભરત કહે છે કે અરે ઇન્દ્ર! અમારે આ ભવે મોક્ષ જવું છે તે અમે જાણીએ છીએ પણ અત્યારે અમને ભગવાનના વિરહનો રાગ-રૂદન આવે છે પણ એ રાગ ને રૂદનના અમે જાણનારા છીએ. એ રાગ અમારો નથી. રાગ ને અમે જુદા છીએ. અમારી દૃષ્ટિ પરમાત્મસ્વરૂપ એકરૂપથી ખસતી નથી. —એમ ભરત ઇન્દ્રને કહે છે. આહાહા! રાજપાટમાં રહ્યા છતાં એની દૃષ્ટિ રાજપાટમાં કે રાગમાં નથી પણ એકરૂપ પરમાત્મસ્વરૂપમાં પડી છે તેથી તે સુબુદ્ધિ છે. * * *

* મેં મારા પરમ ભાવને ગ્રહણ કર્યો છે તે પરમભાવ આગળ ત્રણલોકનો વૈભવ તુચ્છ લાગે છે. ઇન્દ્રના ઇન્દ્રાસન મળે તોપણ સમ્યગ્દૃષ્ટિને તુચ્છ લાગે. અરે ! બીજું તો શું પણ તારી નિર્મળ પર્યાય પ્રગટ થઈ–મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ હું મારા દ્રવ્યદષ્ટિના બળે કહું છું કે તે મારી નથી. આહાહા ! સ્ત્રી પુત્રાદિ કે દેહ આદિ તો મારા નથી જ, દેવ ગુરુ પણ મારા નથી પણ મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય જે પ્રગટ થઈ એ પણ મારી નથી એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. મારો ત્રિકાળી નિજ પરમ ભાવ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ–જ્ઞાયકભાવ અગાધ ને અમાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો, પર્યાયમાં આનંદનો અનુભવ ભલે હો પણ મારા દ્રવ્ય સ્વભાવ આગળ પર્યાયની વિશેષતા નથી. અનુભવ પર્યાયમાં છે, વેદન પર્યાયમાં છે. પ્રવચનસારની ગાથા ૧૭૨ના ૨૦ માં બોલમાં તો કહ્યું કે મને પર્યાયમાં આનંદનું વેદન થયું એટલો જ હું આત્મા છું એમ ત્યાં વેદનની મુખ્યતાથી વાત કરી પણ અહીં તો દ્રવ્યસ્વભાવની અગાધતા પાસે એ વેદનની પર્યાયની વિશેષતા નથી. આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે જ્યારે ચૈતન્યસ્વભાવની અગાધતાનો મહિમા લાવી બીજા બધાથી પાછો વળી જીવ પોતાના સ્વભાવમાં ઢળે ત્યારે થાય.

* હે પ્રભુ ! મેં પરને પોતાનું માન્યું અને સ્વને ભૂલી ગયો એ મહા અપરાધની હે નાથ ! ક્ષમા કરજો—એમ પોતાના આત્મા પાસે ક્ષમા માંગવાની છે. અરે ! એને આત્માના હિત માટે ખટક હોવી જોઈએ કે મારું શું થશે ? પૈસા માટે લોકો આફ્રિકા અમેરીકા આદિ દૂર દૂર જાય છે ને કેટલી મહેનત કરે છે, તો આત્મા માટે પણ ગમે તેમ કરીને કરવું જોવે ને !

પ્રશ્નઃ–સુખદુઃખની કલ્પના જીવને થતી દેખાય છે ને સમયસાર ગાથા–૭૭ માં તેને પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કેમ કહ્યાં છે ?

ઉત્તરઃ–સુખદુઃખ હર્ષશોક આદિ જીવની પર્યાયમાં થાય છે. પણ ત્યાં તો દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે એવા જ્ઞાની જીવની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એની દૃષ્ટિ આત્માના આનંદમાં છે એ જીવ સુખદુઃખની કલ્પનાને કેમ ભોગવે ? તેથી જ્ઞાનીના સુખદુઃખના રાગ-પરિણામને પુદ્‌ગલના પરિણામ કહ્યાં છે અને એ સુખદુઃખના પરિણામની આદિ મધ્ય ને અંતમાં અંતર્વ્યાપક થઈને પુદ્‌ગલદ્રવ્ય તેને ગ્રહણ કરે છે, ભગવાન આત્મા તેને ગ્રહણ કરતો કે ભોગવતો નથી. કેમ કે આત્માનું સ્વરૂપ જ્ઞાયક છે; કલ્પનાના સુખદુઃખનું ભોગવવું તેનું સ્વરૂપ નથી. પર્યાયમાં સુખદુઃખની કલ્પના થાય છે પણ દ્રવ્યદૃષ્ટિવંત જ્ઞાની તેનો કર્તા–ભોક્તા થતો નથી.

પ્રશ્નઃ–ધર્મી સાધક જીવ રાગનો વેદક છે કે જ્ઞાતા છે ?

ઉત્તરઃ–સાધક જીવનું જ્ઞાન રાગમાં જાય છે

તે દુઃખને વેદે છે, જ્ઞાન જ્ઞાનમાં રહે છે તે સુખને વેદે છે.

પ્રશ્નઃ–જ્ઞાનીને તો દુઃખનું વેદન છે જ નહિ ને?

ઉત્તરઃ–જ્ઞાનીને પણ રાગ છે એટલું દુઃખ છે. જ્ઞાનીને જેટલો કષાય છે તેટલું દુઃખનું વેદન પણ છે. દુઃખનું વેદન નથી એ તો શ્રદ્ધાના જોરની અપેક્ષાએ કહ્યું છે કે જ્ઞાની રાગનો વેદક નથી જ્ઞાયક છે. એક બાજુ એમ કહે કે ચોથાગુણસ્થાને બંધન છે જ નહિ, અને વળી કહે કે ચૌદમાં ગુણસ્થાન સુધી સંસારી છે. જ્યાં જે અપેક્ષાથી કથન હોય ત્યાં તે સમજવું જોઈએ.

* શરીરની પર્યાય જે કાળે જે થવાની હોય તેને કોણ રોકે? ડૉકટર પણ એને શું કરે?

પ્રશ્નઃ–જો ડૉકટર રોગ મટાડી શકતા ન હોય તો તેણે ધંધો છોડી દેવો જોઈએ?

ઉત્તરઃ–દૃષ્ટિ અંતરમુખ રાખવી જોઈએ, રાગ આવે લોભ આવે પણ વજન તેની ઉપર જવું ન જોઈએ. વજન અંદરનું જોઈએ.

પ્રશ્નઃ–દૃષ્ટિ આ તરફ રાખીને ધંધો કર્યા કરવોને?

ઉત્તરઃ–ધંધો કરે શું? કરવું એમ નહિ, રાગ ને લોભના ભાવ આવે એને જાણવું.

પ્રશ્નઃ–માનવું કાંઈક ને કરવું કાંઈક?

ઉત્તરઃ–થવાનું હોય એમ જ થાય એમ માનવું.

પ્રશ્નઃ–પ્રભુ! હું સંસારરોગથી પીડાતો દર્દી છું એ રોગને મટાડનાર આપ ડૉકટર પાસે આવ્યો છું?

ઉત્તરઃ–કોઈ દર્દી જ નથી. હું દર્દી છું એવી માન્યતા છોડી દેવી. હું નીરોગી પરમાત્મસ્વરૂપ જ છું.

---

## વૈરાગ્ય સમાચારઃ—

* રણાસણનિવાસી (હાલ–મલાડ) શાહ નેમચંદ શકરચંદ (વર્ષ–૭૪) તા. ૨૪–૮–૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાબલીનિવાસી શાહ નાથાલાલ મૂલચંદ (વર્ષ–૬૬) તા. ૪–૧૧–૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* માળીયા–હાટીના નિવાસી નગીનદાસ મોતીચંદ ગાંધી આસો વદ ૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વગસ્થ મુમુક્ષુઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારી અમૃતવાણીનો લાભ લેતા હતા. વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. સદ્ગત આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામે એ જ ભાવના.

# * ધ્રુવશક્તિનો ચમત્કાર *

## ક્ષણ પહેલાંના પાપી ક્ષણ પછી પરમાત્મા !

ભગવાન મહાવીરનો જીવ સિંહની પર્યાયમાં હરણને મારતા હતા ને ઘડીકમાં ફરી ગયું. દૃષ્ટિ અંતર્મુખ થઈ ગઈ. આહાહા! અંદરમાં બેહદ શક્તિ પડી છે ને!

૧. શ્વેતવાહનમુનિએ નાના બાળકને રાજ્ય સોંપી દીક્ષા લીધી હતી; તેના મંત્રી આદિએ ષડ્યંત્ર રચી બાળરાજાને બાંધી મુકયો છે તેમ રસ્તે જતા કોઈએ કહ્યું તે સાંભળી મુનિને ક્રોધાગ્નિ ફાટે છે ને નરકે જવાના રૌદ્ર ધ્યાનના પરિણામ થાય છે. મુદ્રા વિકૃત જોઈ શ્રેણીક રાજા ગૌતમસ્વામીના કહ્યા અનુસાર સંબોધન કરે છે ને મુનિ સાવધાન થઈ તુરત જ શ્રેણી માંડીને કેવળજ્ઞાન લ્યે છે. ક્ષણ પહેલા કયાં નરકને યોગ્ય રૌદ્રધ્યાન ને ક્ષણ પછી કયાં કેવળજ્ઞાન!

૨. મૃગધ્વજ રાજકુમાર પોતાના પિતાની આજ્ઞાનો ભંગ કરીને પાડાનો પગ કાપે છે ને રાજા ફાંસીનો હુકમ આપે છે. ડાહ્યા મંત્રીએ રાજકુમારને સમજાવી મુનિ પાસે દીક્ષા અપાવે છે અને રાજકુમાર બાવીશમાં દિવસે તો કેવળજ્ઞાન લ્યે છે. અહા! માંસ-ભક્ષી મહા હિંસક પરિણામ પલટી બાવીશમાં દિવસે તો પરમાત્મા બની જાય છે.

૩. દ્રૌપદીમાં આસક્ત થનાર રાજા કીચકને ભીમ મરણતુલ્ય માર મારે છે તેનાથી વિરક્તિ થતા કીચક જિનદિક્ષા લઈને તુરત કેવળજ્ઞાન પામે છે. અહા! પાપી પણ ક્ષણમાં પલટી પરમાત્મા થઈ જાય છે.

૪. શ્રેણીક રાજા ક્રોધાવેશથી મુનિરાજના ગળામાં મૃતક સર્પ નાખી સાતમી નરકનું આયુષ્ય બાંધે છે. ચેલણા દ્વારા ઉપસર્ગનું નિવારણ થતાં, તે જ મુનિ પાસે તુરત જ શ્રેણીક અપૂર્વ એવું સમ્યક્ પામી જાય છે. અહો! કયાં ક્ષણ પહેલાંના પરિણામ ને કયાં ક્ષણ પછીના પરિણામ!

૫. અજિતસેન વિદ્યાધર, વિદ્યા સાધતી કુમારી શાંતિમતિમાં મોહિત થઈ વિઘ્ન કરે છે અને વજ્રાયુધ ચક્રવર્તી દ્વારા પૂર્વભવ સાંભળી વિરક્ત થઈ કેવળજ્ઞાન પામે છે. આહાહા! અંદરમાં મહાપ્રભુ અનંતી શક્તિઓથી ભરેલો ભગવાન છે ને! પર્યાય તો ક્ષણીક ઉપર ઉપર છે ને અંદરમાં વસ્તુ તો ધ્રુવ પડી છે એની સન્મુખ થતા ક્ષણમાં પરમાત્મા થઈ જાય છે.

## વિવિધ સમાચાર:—

### બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવનનો શિલાન્યાસ મહોત્સવ

* ગતાંકમાં જણાવ્યા મુજબ "બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન"નો શિલાન્યાસ મહોત્સવ તા. ૧૨–૧૧–૮૦ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં લગભગ ૧૫૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ માંગલિક પ્રસંગે સ્થાનિક મુમુક્ષુઓ ઉપરાંત અનેક ગામોના મહેમાનોએ હાજર રહીને ખૂબ જ ઉમંગથી લાભ લીધો હતો. શિલાન્યાસ–વિધિનો લાભ જમશેદપુર નિવાસી શેઠ શ્રી પ્રફુલ્લચંદ્ર નરભેરામ કમાણીને પ્રાપ્ત થયો હતો તથા ખનન વિધિ જામનગરનિવાસી છબલબેન ફૂલચંદ તંબોળી પરિવાર દ્વારા કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગના ઉપલક્ષમાં સવારે જિન-મંદિરમાં સમૂહપૂજા રાખવામાં આવી હતી અને ત્યાર બાદ વચનામૃતભવનની જગ્યામાં જિનબિંબની સ્થાપના કરીને ભૂમિ–શુદ્ધિ–પૂજન–વિધાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એક આરસ–પાટિયાના રૂા. ૫૦૧– હિસાબે અનેક પાટિયાં માટેની દાનરાશિ જાહેર કરીને મુમુક્ષુઓએ પોતાનો ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. આ માંગલિક મહોત્સવની ખુશાલીમાં શેઠ શ્રી પ્રફુલ્લચંદ કમાણી તરફથી સકલસંઘને સ્વામીવાત્સલ્ય ભોજન આપવામાં આવ્યું હતું. એ રીતે બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવનનો શિલાન્યાસ મહોત્સવ અતિ આનંદોલ્લાસ પૂર્વક ઉજવાયો હતો.

ભાવનગરની શામળદાસ કૉલેજના સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના પ્રોફેસર શ્રી અરૂણભાઈ જોશી, 'બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન'ના શિલાન્યાસની નિમંત્રણપત્રિકા વાંચીને પ્રમુખશ્રી ઉપરના પોતાના તા. ૨૪–૧૦–૮૦ના પત્રમાં ખૂબ જ ઉલ્લાસપૂર્ણ પ્રમોદ વ્યક્ત કરતાં જણાવે છે કે:—

"...પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબહેનના નિર્મળ હૃદયમાંથી વહેલી અમૃતધારારૂપ વિચાર–મૌતિકોને આપે સંગેમરમરમાં ઉત્કીર્ણ કરવાની યોજના કરી તે ખૂબ જ ધન્યવાદને પાત્ર બન્યું છે. આવાં બહુમૂલ્ય વિચારરત્નો ઐતિહાસિક રીતે એક ભવ્યસાંસ્કૃતિક વારસો બની રહેશે એ વિચારે મારું મન પ્રમોદ અનુભવે છે. આવું સુયોગ્ય કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ નિશ્રામાં આકાર લઈ રહ્યું છે એથી તો સોનામાં સુગંધ ભળ્યા બરાબર જ કહેવાય. સહુ પ્રયોજક મુમુક્ષુઓને, જેમને આવો સદ્‌વિચાર પ્રગટયો તેમને મારાં હાર્દિક અભિનંદન પાઠવું છું....."

### શ્રી નંદીશ્વરદ્વીપ બાવન જિનાલયનો શિલાન્યાસ મહોત્સવ

* તા. ૧૯–૧૦–૮૦ના રોજ મુંબઈ નગરીના કાંદિવલી ઉપનગરમાં ભગવાન શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિર તથા શ્રી નંદીશ્વરદ્વીપ બાવન જિનાલયનો શિલાન્યાસ મહોત્સવ ત્રણ હજાર મુમુક્ષુઓએ ઉત્સાહથી ઉજવ્યો હતો. સવારે રથયાત્રા, પૂજા, પ્રવચન, શિલાન્યાસ-વિધિ આદિ કાર્યક્રમો આનંદપૂર્વક ઉજવાયા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વાસ્થ્યની


અનુકૂળતા ન રહેતા આ પ્રસંગે તેઓશ્રી કાંદિવલી પધારી શકયા ન હતા તેથી પંડિત શ્રી હિંમતભાઈ ઝોબાલિયાએ આ પ્રસંગે પ્રવચન કર્યું હતું. શેઠ શ્રી ભોગીલાલ તુરખીયા પરિવારે—હસ્તે શ્રી નરેશભાઈએ તથા રંભાબેન પોપટલાલ વોરા પરિવારે આ શિલાન્યાસ વિધિનો અણમૂલો લાભ લીધો હતો. આ માંગલિક પ્રસંગની ખુશાલીમાં તુરખીયા પરિવારે સારી એવી દાનરાશિ જાહેર કરીને સંકલસંઘને સ્વામી વાત્સલ્ય ભોજન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મુમુક્ષુઓએ આ જિનાલયના નિર્માણ માટે ખૂબ ઉત્સાહથી દાનરાશિ જાહેર કરી હતી. અંજનગીરી (૪), દધિમુખ (૧૬), રતીકર (૩૨), પંચમેરુ (૮૦)—એ બધાય જિનાલયોની રકમ નોંધાઈ ગઈ હતી. આશરે રૂપિયા નવ લાખની દાનરાશિ જાહેર થઈ હતી. ત્યાર બાદ સોનગઢમાં થનાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેન વચનામૃત ભવનના શિલાન્યાસ મહોત્સવની આમંત્રણ પત્રિકા વાંચવામાં આવી હતી અને તેના નિર્માણ માટે પણ મુમુક્ષુઓએ ઉત્સાહથી દાનરાશિ જાહેર કરીને પોતાની ભાવના વ્યક્ત કરી હતી.

*** જન મંગલ મહાકલશનું ભવ્ય સ્વાગત:—**

ભગવાન બાહુબલી પ્રતિષ્ઠાપના સહસ્રાબ્ધિ તથા મહા મસ્તકાભિષેક મહોત્સવના ઉપલક્ષમાં પ્રવર્તન કરી રહેલ જન મંગલ મહાકલશનું ભારતભરમાં ખૂબ ઉત્સાહ પૂર્વક સ્વાગત થઈ રહ્યું છે. ભગવાન બાહુબલી પ્રતિષ્ઠાપના સહસ્રાબ્ધિ તથા મહા મસ્તકાભિષેકના અવસર પર સકલ જનતાની શ્રદ્ધા–ભક્તિના સ્વરૂપે શ્રવણબેલગોલા પહોંચનાર આ જન મંગલ મહાકલશનું ઉદ્‌ઘાટન માનનીય પ્રધાન મંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીએ કર્યું હતું. આ જન મંગલ મહાકલશ દિલ્હીથી શરૂ થઈ ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાના મુખ્ય મુખ્ય શહેરોમાં થઈને ગુજરાતમાં આવી પહોંચતા ગુજરાતની જનતાએ તેનું ભવ્ય સ્વાગત કર્યું હતું. અમદાવાદમાં મુખ્ય મંત્રી માનનીય માધવસિંહજી સોલંકીએ જન મંગલ મહાકલશનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ગામોગામમાં જન મંગલ મહાકલશ માટે લોકોને ઘણો જ ઉત્સાહ છે, સારી એવી દાનરાશિ પ્રાપ્ત થઈ રહી છે. ભારતભરમાં લગભગ ૨૦૦ જેટલા મુખ્ય મુખ્ય ગામોમાં ફરતો ફરતો આ જન મંગલ મહાકલશ નિર્ધારીત સમયે શ્રવણબેલગોલ પહોંચશે.

* સોનગઢમાં કારતક સુદ આઠમ થી પુનમ સુધી સ્વ. શ્રી જયંતીલાલ હરીચંદ કામદાર તરફથી અષ્ટાહ્નિકાની સમૂહ પૂજા ઉત્સાહથી કરવામાં આવી હતી. તદુપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીના ઓપરેશનની સફળતાની શુભ–ભાવનાના તથા નીરોગતાની મંગલ–કામનાના ઉપલક્ષમાં સવારે સમૂહ પૂજા, જાપ તથા રાત્રે ભક્તિનો કાર્યક્રમ રોજ રાખવામાં આવ્યો હતો.

પ્રવચનમાં સવારે શ્રી સમયસાર ઉપર ૧૯ મી વખતના પ્રવચનોની ટેપ તથા બપોરે શ્રી કળશટીકા ઉપરના પ્રવચનોની ટેપ શરૂઆતથી નિયમિત રીતે વગાડવામાં આવે છે.



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

જેમ લોખંડની સોઈ નાની હોવા છતાં જો તે દોરાથી સહિત હોય તો ગમે ત્યાં કચરામાં પડી જાય તોપણ મળી જાય છે. પ્રમાદથી પડી જવા છતાં આંખથી દેખાય છે અને ફરી મળી જાય છે. તેમ સાધુ જો શ્રુતજ્ઞાન સહિત હોય તો સંસારરૂપી ખાડામાં પડતાં નથી. પ્રમાદ–દોષથી ઉત્કૃષ્ટ તપશ્ચરણ કરવામાં અસમર્થ હોવા છતાં પણ કપટ રહિત ચિત્ત હોવાથી નિરંતર સ્વાધ્યાય કરે છે, જેથી તે કર્મ ક્ષય કરે છે.

( શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર–સમયસાર અધિકાર, ગાથા–૮૩ )

હે ભવ્ય! ઇંધનના યોગથી અગ્નિ પ્રજ્વલિત થાય છે અને ઇંધન વિના આપોઆપ બુઝાઈ જાય છે, પણ અનાદિ મોહાગ્નિ તો એટલો પ્રબળ છે કે તે પરિગ્રહાદિ ઇંધનની પ્રાપ્તિમાં તૃષ્ણારૂપ જ્વાળાથી અતિશય ભભુકે છે અને તેની અપ્રાપ્તિમાં પ્રાપ્ત કરવાની વ્યાકુળતાથી પ્રજ્વલે છે. આ રીતે અતિ પ્રબળ એવો મોહાગ્નિ બન્ને પ્રકારે જીવને બાળે છે તેથી મોહાગ્નિ જેવો આ જગતમાં બીજો કોઈ ભયંકર અગ્નિ નથી.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા–૫૬ )

ગુરુના ચરણયુગલ દ્વારા મુક્તિ–પદવી પ્રાપ્ત કરવા માટે જે નિર્ગ્રંથતા મને આપવામાં આવી છે તેના નિમિત્તે ઉત્પન્ન થયેલા આનંદના પ્રભાવથી મારું મન ઇન્દ્રિયવિષયજનિત સુખને દુઃખરૂપ જ માને છે. બરાબર છે–પ્રાપ્ત થયેલો ખોળ ત્યાં સુધી જ સ્વાદિષ્ટ લાગે છે જ્યાં સુધી અતિશય મીઠી તૃપ્ત કરનાર સફેદ સાકર પ્રાપ્ત થતી નથી.

( શ્રી પદ્મનંદિ આચાર્ય, પરમાર્થવિંશતિ, શ્લોક–૧૬ )

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલી *

૧૩૨૩ શ્રી રૂક્મણીબેન અમૃતલાલ શાહ નાઈરોબી
૧૩૨૪ ,, કસ્તુરબેન કરમશી શાહ નાઈરોબી
૧૩૨૫ ,, મનસુખલાલ મોહનલાલ શાહ ધોળકા
૧૩૨૬ ,, લાઠી દિગંબર જૈન મંદિર લાઠી
૧૩૨૭ ,, પ્રવીણ કે. શાહ યુ. એસ. એ.
૧૩૨૮ ,, રસીકલાલ કાનજીભાઈ શાહ લાઠી
૧૩૨૯ ,, લલીતાબેન જેઠાલાલ શાહ અમદાવાદ
૧૩૩૦ ,, મંગળદાસ શીવલાલ સંઘવી અમદાવાદ
૧૩૩૧ બ્ર. શ્રી સુમીત્રાબેન ભાઈલાલ શાહ સોનગઢ
૧૩૩૨ શ્રી અચરતબેન તથા ગુલાબબેન સોનગઢ
૧૩૩૩ ,, પ્રભુદાસ જે. કામદાર હૈદ્રાબાદ
૧૩૩૪ ,, શાંતીલાલ તલકશી છેડા ભાયંદર
૧૩૩૫ ડૉ. વી. કે. ગાંધી અમદાવાદ
૧૩૩૬ શ્રી ગોવીંદજી નરસી શાહ ગુલાબગંજ
૧૩૩૭ ,, ચંદુલાલ રતીલાલ ડગલી કોચીન
૧૩૩૮ ,, શાંતીલાલ ઓઘડલાલ શાહ ઘાટકોપર
૧૩૩૯ ,, ચંદ્રકાંત અમૃતલાલ દોશી મુંબઈ
૧૩૪૦ ,, એ. ડબલ્યુ. ગોસરાણી નોટીંગહામ યુ. કે.
૧૩૪૧ ,, કાંતીલાલ ગુલાબચંદ કોઠારી ચોટીલા
૧૩૪૨ મીસીસ જયા એમ. શાહ યુ. કે.
૧૩૪૩ શ્રી પૂનમચંદ જૈન વરલી
૧૩૪૪ ,, મહાસુખલાલ પ્રેમચંદભાઈ શેઠ ચેંબુર
૧૩૪૫ ,, સૂર્યકાંત પ્રેમચંદભાઈ શેઠ મલાડ
૧૩૪૬ ,, ચુનીલાલ દેવચંદ કોઠારી મોટાકોટડા
૧૩૪૭ ,, વાડીલાલ જીવરાજભાઈ શાહ હીંમતનગર
૧૩૪૮ ,, કચરાલાલ મગનલાલ કોટડીયા ગઢડા
૧૩૪૯ શ્રી પૂનમચંદજી છાબડા ઇન્દોર
૧૩૫૦ ,, ચંદ્રકાંત કાંતીલાલ સરૈયા મુંબઈ
૧૩૫૧ ,, દિગંબર જિન મંદિર વઢવાણશહેર
૧૩૫૨ ,, અમૃતલાલ જગજીવન કોઠારી વઢવાણશહેર
૧૩૫૩ ,, નવલચંદ અમીચંદભાઈ મેતા દાદર
૧૩૫૪ ,, બંડી એજન્સીજ ઉદયપુર
૧૩૫૫ ,, અંબાલાલ ભેરૂલાલ જૈન ઉદયપુર
૧૩૫૬ ,, બાબુભાઈ હીરાચંદ શાહ મોટમીયાં માંગરોળ
૧૩૫૭ ,, ચૈતન્યભાઈ મુળચંદ તલાટી મુંબઈ
૧૩૫૮ ,, ભંવરલાલજી છગનલાલજી જૈન કુરાવડ
૧૩૫૯ ,, ચંદ્રાબેન ફતેલાલ પટવારી નરોડા
૧૩૬૦ શ્રીમતી ઉષા સંઘાણી સીકંદરાબાદ
૧૩૬૧ શ્રીમતી રેણુકાબેન બારસી
૧૩૬૨ શ્રી કીશોરચંદ્ર શાંતીલાલ દેસાઈ બારગ્રહ
૧૩૬૩ ,, સોમચંદ ભાઈચંદ શાહ તલોદ
૧૩૬૪ ,, નેમીચંદજી સુમતિપ્રકાશ જૈન ઉદયપુર
૧૩૬૫ ,, જગજીવન બાવચંદ દોશી સાવરકુંડલા
૧૩૬૬ ,, કીરીટકુમાર જગજીવન દોશી મુંબઈ
૧૩૬૭ ,, વસંતરાય જગજીવન દોશી મુંબઈ
૧૩૬૮ ,, મનસુખલાલ મોનજી જૈન મુંબઈ
૧૩૬૯ ,, રવીકુમાર જૈન વિદિશા
૧૩૭૦ ,, વૃજલાલ વેલજી શાહ થરાવડા (કચ્છ)
૧૩૭૧ ,, પોપટલાલ જીવરાજ શાહ તલોદ
૧૩૭૨ ,, હીરાલાલ મણીલાલ શેઠ સુરેન્દ્રનગર
૧૩૭૩ ,, નિરંજન અંબાલાલ શાહ મુંબઈ

**આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/= [ ક્રમશઃ ]**

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૨૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]